Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૨ • તા. ૧૭ થી ૨૩ માર્ચ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ – કોઇમ્બતુરના ઉપક્રમે
## શ્રી મુનિસુવ્રતસ્વામી નુતન જિનાલયનો શિલાન્યાસ વિધી મહોત્સવ

















# શેત્રુંજય ગિરીરાજ ઉપર નવટુંકમાં શ્રી અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા ઐતિહાસિક મહોત્સવની ઝલક





















## તંત્રી સમીપે : જનાદેશ અને જનવિશ્વાસ આમને સામને ?

આખરે, અનેક જ્ઞાતિજનો માટે આંચકાજનક બને તેવી પરિસ્થિતિ હકીકત બનીને બહાર આવી છે. અનંતનાથજી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ “અનંતછાયા” (ઘાટકોપર) મિલકતનું સંપૂર્ણપણે વેચાણ કરવાનો કરાર કર્યો છે ને તેની કિંમત રૂ.૪૦ કરોડ નક્કી થયેલ છે અને જો ટ્રસ્ટીઓ સર્વ ભાડુતોનાં જરૂરી સંમંતિપત્રો મેળવી આપે તો વિશેષ રૂ. પાંચ કરોડ ખરીદનાર પક્ષકાર ટ્રસ્ટને ચૂકવશે તેવા થયેલા કરારની માહિતી ચેરીટી કમીશ્નરનાં દફ્તરેથી પ્રાપ્ત થયેલા દસ્તાવેજો આપી રહ્યા છે.

આ વેચાણ કરારની મંજુરી મેળવવા માટે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશનર સમક્ષ અરજી દાખલ કરી છે, જેના વિરોધમાં પોતાની રજુઆતની વિચારણા કર્યા વિના ચેરીટી કમીશ્નર ટ્રસ્ટની ઉક્ત અરજીનો નિકાલ ન કરે તે મતલબની કેવીએટ પણ ફાઈલ થઈ છે તેના સંયુક્ત અરજદારો “પાંજો પ્રતિબિંબ”ના તંત્રી શ્રીમતી લક્ષ્મીબેન ખોના અને “પ્રકાશ-સમીક્ષા” સમિતિના એક સભ્ય શ્રી ચંદ્રસેન મોમાયા છે. તે એક વિચિત્ર યોગસંજોગ ગણો તો તેમ અને કુદરતની કોઈ અવળચંડી રમત કે હળવી મજાક ગણો તો તેમ એવી હકીકત પણ બહાર આવી છે. અલબત, જ્ઞાતિજનો આ બાબતે તેનાથી વિશેષ કોઈ અટકળ, અર્થ કે તર્ક-વિતર્ક ન કરે એ માટે પત્રકારીય શિસ્તને નાતે અત્યારથી જ સુચિત કરવાનું સમુચિત ગણાશે કે ઉક્ત કેવીએટ કે તેનાથી ઉદભવનાર કોઈ પણ કાર્યવાહીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પક્ષકારની રૂએ પ્રકાશ-સમીક્ષા કે તેની સમિતિને કોઈ પણ રીતે સ્નાનસૂતક નથી કે રહેશે નહીં તેની સૌ સંબંધિતો ખાત્રી રાખે.

આ રીતે, ટ્રસ્ટીઓએ “અનંતછાયા”નું વેચાણ કરવા લીધેલ નિર્ણયને કાનૂની રીતે પડકારવાનો પાસો ફેંકાયો છે અને હવે ટ્રસ્ટીઓને વિવિધ કાનુની કાર્યવાહીઓનો સામનો કરવાની નોબત આવી છે તેથી શુભાશયી જ્ઞાતિજનો ચિંતિત થશે જ. કદાચિત અનિશ્ચિત સમય માટે લાંબા-ટૂંકા પડછાયાઓના આટાપાટામાં “અનંતછાયા” લપેટાઈ જાય તેવી પરિસ્થિતિ હાલ ઉદ્‌ભવી રહી છે તેવા સંકેતો મળે છે.

એક રીતે, અનંતછાયાના આ પ્રસ્તાવિત વેચાણની બાબત હવે કાનૂની પ્રક્રિયામાં ન્યાયાધીન (સબજ્યુડીસ) થઈ ગઈ છે તેથી કાયદાકીય રીતે બંને પક્ષો કયા સબળ કે નિર્બળ પરિબળો ધરાવે છે તેના પર ટિપ્પણીઓ કરવી અનુચિત છે. એટલે, બહુ જ મૂળભૂત બુનિયાદી મુદો કઈ શકાય અને જેના વિષે જ્ઞાતિમાં જે મુંઝવણ, આશ્ચર્ય અને રોષ  વ્યક્ત થઈ રહ્યાં છે તે પુરતી જ મર્યાદિત વિચારણા કરીએ તો હાલના સંજોગોમાં તે યોગ્ય લેખાશે.

“અનંતછાયા”ની આ બાબત વિવાદાસ્પદ બનાવવા માટે અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓ જ જવાબદાર છે તેવો સ્પષ્ટ અભિપ્રાય સૌ વિચારશીલ તે નિષ્પક્ષ જ્ઞાતિઅગ્રાણીઓ ધરાવે છે તેમાં ભારોભાર તથ્ય છે. ખુદ એક ટ્રસ્ટીના તો વડીલ જે જ્ઞાતિની અનેક શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાન ધરાવે છે તેઓ પણ ટ્રસ્ટબોર્ડના અનંતછાયાના વેચાણ કરવાના નિર્ણયનો સખત વિરોધ કરી રહ્યા છે તે હકીકત છે.

જ્ઞાતિના તટસ્થ અગ્રાણીઓ જે મંતવ્ય વ્યક્ત કરી રહ્યા છે અને મુંબઈ મહાજનશ્રીની વ્ય. સમિતિના અનેક સભ્યો પણ જે સ્વીકારી રહ્યા છે કે ચૂંટણી પૂર્વે વર્તમાન ટ્રસ્ટીઓ અને વ્ય. સમિતિના સભ્યોની બનેલી પેનલો તેમના દ્વારા થયેલ લેખિત અને મૌખિક પ્રચારમાં ક્યારે પણ ટ્રસ્ટની મિલકતોના વેચાણ કરવા સંબંધે કોઈ ઉલ્લેખ કર્યો ન હતો કે તેવો રજમાત્ર નિર્દેશ પણ કર્યો ન હતો. ઉલટું, એ બધા પ્રચાર-પ્રસારને કારણે જ્ઞાતિ મતદારો અને એ પેનલના બહુમત ઉમેદવારો સુધ્ધાં એવા વિશ્વાસ, શ્રધ્ધા અને આશા સેવતા થયા હતા કે વર્તમાન ટ્રસ્ટબોર્ડ ટ્રસ્ટની મિલકતોનો પુનર્વિકાસ કરશે તે જ્ઞાતિ વ્યવસાયિકોનાં સહકારથી અને મહદંશે જ્ઞાતિજનો માટે જ કરશે.

અલબત, ટ્રસ્ટબોર્ડ પોતાના નિર્ણયના સમર્થનમાં એવી રજુઆત કરે છે કે કોઈ પણ રીડેવલપમેન્ટની સ્કીમમાં છેવટે તે મિલકતનું કન્વેયન્સ કરી આપવુંજ પડે છે એટલે


**આદ્યતંત્રીઓ**

**“પ્રકાશ”**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**“સમીક્ષા”**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**“પ્રકાશ સમીક્ષા”**
સનત્ શાહ



**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા


**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**


નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

કે મુળ માલિક પોતાના માલિકી હકો તજી દેતો હોય છે એટલે પ્રસ્તાવિત વેચાણમાં અને તેના કહેવાતા રીડવલેપમેન્ટમાં પરિણાત્મક દષ્ટિએ ખાસ કોઈ ફરક પડતો નથી. ટ્રસ્ટીઓના આ પ્રકારના મંતવ્યના કાયદાકિય ગુણદોષનાં વિવેચનમાં જવા કરતાં (જે બીજી રીતે અત્રે અપ્રસ્તુત પણ છે), ચૂંટણી વખતે જ્ઞાતિના સામાન્ય જનમાનસમાં ટ્રસ્ટીઓ દ્વારા થનાર મિલકતોના પુનર્વિકાસ અંગે જે માન્યતા બંધાઈ હતી તેની વાત વધારે મહત્વની છે તેનો સૌએ સ્વીકાર કરવો જ રહ્યો.

આમ છતાં, "અનંતછાયા"ની બાબતમાં ગત ટ્રસ્ટબોર્ડે કરેલ એમ.ઓ.યુ.ને કારણે વર્તમાન ટ્રસ્ટબોર્ડ માટે ઊભી થયેલ કાનૂની મુશ્કેલીઓનો સ્વીકાર કરીએ તો પણ, જ્યારે આ બાબતે નવેસરથી વિધિ શરૂ કરવાનું વર્તમાન ટ્રસ્ટબોર્ડે નક્કી કર્યું ત્યારે ટ્રસ્ટ, લાભાર્થીઓ અને જ્ઞાતિના વિશાળ હિતમાં જે પણ અતિ મહત્વની કલમો કે જોગવાઈઓ આમેજ કરવી જરૂરી બનતી હતી તેને સમાવિષ્ટ કરવા માટે ટ્રસ્ટીઓએ જ્ઞાતિને વિશ્વાસમાં લઈને વિચાર વિમર્શ કરવાની કાળજી લીધી હોત તો આ પ્રકારે જ્ઞાતિમાં સંઘર્ષ, ચિંતા કે મુંઝવણભર્યું વાતાવરણ સર્જાયું ન હોત તે પણ ચોક્કસ છે.

આ મુદ્દો એ દષ્ટિથી ઉલ્લેખનીય બન્યો છે કે તાજેતરમાં જ ટ્રસ્ટીઓએ ભાંડુપની અનંતસિધ્ધિની મિલકતનો પણ પુનર્વિકાસ કરવા અંગે જ્ઞાતિજનો અને અન્ય સમાજ સમક્ષ બહુ ઉમળકાભેર જાહેરાત કરી હતી, એટલે ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મિલકતો વિષે બીનજરૂરી ઉતાવળ કરી રહ્યા હોય તેવી છાપ કે સમજ સૌ સંબંધિતો ધરાવતા થયા છે ને તેથી જ તે અંગે ચિંતિત પણ થયા છે.

આમ, પાછળ વળીને જોઈએ તો, ટ્રસ્ટીઓએ અનંતછાયાના વેચાણ બાબતના લીધેલ નિર્ણયને પાંચેક મહીના સુધી ગુપ્ત રાખ્યો અને તેમની પેનલે ચુંટણીમાં આપેલા વચન પર આધારિત જ્ઞાતિજનોએ તેના પુનર્વિકાસ બાબત રાખેલ સમજણ મુજબ જ એમ.ઓ.યુ. થયેલ હશે તેવા વિશ્વાસ કે માન્યતામાં સૌ સંબંધિતોને રાખ્યા તે આખા ઘટનાક્રમ દરમ્યાનની ટ્રસ્ટીઓની આ સઘળી કાર્યવાહીને લીધે, આવી મહત્વની બાબતે, આ ઉત્સાહી અને ભરપુર આત્મવિશ્વાસયુક્ત અને સકારાત્મક વિચારશૈલી ધરાવતા યુવા ટ્રસ્ટીઓ હંમેશા પારદર્શક વ્યવહાર અપનાવશે જ તેવી અનેક નિષ્પક્ષ જ્ઞાતિકર્મીઓની શ્રધ્ધાને ઠેસ પહોંચી છે! તેમ કોઈ પણ અતિશયોક્તિ વિના કહી શકાય.

બીજી બાજુ, ટ્રસ્ટીઓએ "અનંતછાયા"ની મિલકતોને લીધે ટ્રસ્ટને કોઈ ખાસ આવક થતી નથી તેથી તેનું વેચાણ કરવું જ યોગ્ય ગણાય તેવી રજુઆત ચેરીટી કમીશ્નર સમક્ષ કરી છે. આ વિચારસરણીનો તંતુ જો આગળ લંબાય તો એનું પરિણામ એ આવે કે ટ્રસ્ટની બધેબધી મિલકતો જ્યાં આપણા જ્ઞાતિજનો વસવાટ કરી રહ્યા છે તે સહિતની મિલકતો, જેમાં પણ ટ્રસ્ટને કોઈ ખાસ આવક થતી નથી, ઉલ્ટું તેમાંની કેટલીક તો નુકશાની કરાવે છે તે સઘળી મિલકતોનાં પણ ક્રમવાર વેચાણ કરવા સિવાય વર્તમાન ટ્રસ્ટબોર્ડ પાસે હવે બીજો કોઈ વિકલ્પ જ નથી તેવી માન્યતા જ્ઞાતિજનોમાં દઢ થતી જશે, જેની ગંભીરતા સૌ સંબંધીતો સત્વરે પીછાણી લઈ તે માટે યોગ્ય પગલાં લેશે તો જ જ્ઞાતિહિત સચવાશે.

એટલે જ જાહેર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મિલકતો આવા વ્યાપારી કે આર્થિક દષ્ટિકોણ માત્રથી જ નિર્ણય લેવાના ન હોય, તેને બદલે ટ્રસ્ટના મૂળભૂત ઉદ્દેશો કે વહીવટ અંગેની સ્કીમની જોગવાઈઓમાં દર્શાવેલ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા અને તેમાં નિર્દિષ્ટ થયેલ ભાવના કે સખાવતી હેતુઓને ચરિતાર્થ કરવાની ટ્રસ્ટીઓ તરિકેની ફરજો પરત્વે સભાનતા રખાય તેમાં જ ટ્રસ્ટીપદની સાર્થકતા ગણાય તે સિધ્ધાંત કાનૂની રીતે વારંવાર પુરસ્કૃત થયેલો છે તેની કસોટીમાં વર્તમાન ટ્રસ્ટબોર્ડ કેટલા અંશે પાર ઉતરે છે તે આવનાર સમય જ કહી શકશે.

હવે અમુક ટ્રસ્ટીઓ એમ કહી રહ્યા છે કે, જો ચેરીટી કમીશનર ચુકાદો આપશે કે, "અનંતછાયા"નું વેંચાણ ન કરી શકાય તો અમે તો ચુકાદો સ્વીકારી લેશું. તેને બદલે ટ્રસ્ટીઓએ એમ કહેવું જોઈએ કે, જો જ્ઞાતિ આ વેંચાણને સ્વીકારતી ન હોય તો અમને તે શિરોમાન્ય રહેશે. એટલે આશા રાખીએ કે ટ્રસ્ટીઓ, અનંતછાયાના પ્રશ્નને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વગર જ્ઞાતિ અગ્રાણીઓ સાથે સત્વરે વિચાર વિમર્શ કરી આ મડાગાંઠમાંથી વિશાળ જ્ઞાતિહિતની દષ્ટિએ ઉપયુક્ત માર્ગ કાઢવા પ્રયત્નશીલ બનશે. હજી પણ વેંચાણ કરારની બાબત ચેરીટી કમીશનર સમક્ષ પ્રાથમિક તબકામાં જ છે તેથી ટ્રસ્ટીઓ, કાયદાકીય રીતે તેને સ્પર્શતા દરેક પાસા અને વૈકલ્પીક શક્યતાઓની ચકાસણી કરી શકે તેમ છે. એટલે, સૌ સંબંધિતો આ બાબતે સકારાત્મક ભૂમિકા અપનાવશે એવી આશા પણ રાખીએ.

ભવિષ્યમાં પણ ટ્રસ્ટની અન્ય મિલકતો પણ ટ્રસ્ટીઓ ફક્ત જમા-ઉધારના આધારે ગણતરીઓ કરવાના વ્યાયામને તિલાંજલિ આપશે એવી આશા રાખીએ. અન્યથા બે વર્ષ પૂર્વે તેમણે મેળવેલ જનાદેશ ત્રાજવાના એક પલ્લામાં અને બીજા પલ્લામાં તેમણે પ્રારંભમાં સંપાદિત કરેલ જનવિશ્વાસનાં તુલનાત્મક લેખાંજોખા કરી આખરી ચુકાદો આપવામાં જ્ઞાતિ વધારે સમય નહીં લગાડે, સિવાય કે ટ્રસ્ટીઓ ટ્રસ્ટ વહીવટમાં આવા બહુમત જ્ઞાતિજનોને સ્પર્શતા પ્રશ્નોની બાબતે સંપૂર્ણ પારદર્શિતાથી જ્ઞાતિને વિશ્વાસમાં લેવાનો અભિગમ અને નિખાલસપણે ખુલ્લી કિતાબ રાખવાની કાર્યપધ્ધતિ અપનાવે, જે અપેક્ષા બિલકુલ વધારે પડતી નથી.

– **રા**

।। શ્રી શત્રુંજય તીર્થાધિરાજાય નમઃ ।।
।। શ્રી આદિનાથાય નમઃ।।

# "હિતેશ" તુજ અનુમોદના...

**તુજ કર્મે**

માતા "**તારા**" નામ ઉજ્જવલ કીધો
તુજ આત્મા પાવન થયો
તુજ ભાગ્ય પ્રબળ થયો
તુજ જન્મ આજ સફળ થયો
તુજ જ્ઞાતિમાં ઈતિહાસ સુવર્ણે લખાયો
"**હિતેશ**" તુજ કર્મે, ઉજ્જવલ ભાગ્યે
ધન્ય ધરતી શત્રુંજયની
ધન્ય ઘડી, પુનઃ પ્રતિષ્ઠાની,
શ્રી અજિત-શાંતિ જિનરાયા...

ધન્ય એ દિવસ...
એ ઘડી...
એ પળને વંદન... વાર હજાર...
પરમ કૃપાળુ પરમાત્માની પ્રતિષ્ઠાને હૃદયમાં સમાવી
પરમ પુણ્ય, પ્રસન્નતાને અને પવિત્રતાને પામેલા...

**આપના શુભચિંતક - અનુમોદક...**



**તરલા મણીકાંત હીરજી ધુલ્લા**
**જયશ્રી કિશોર શીવજી મોતા**
**કલ્પના હંસકુમાર દામજી મૈશેરી**
**દક્ષા મુકેશ દામજી મૈશેરી**
**(મુલુન્ડ)**



।। પ્રણામ સહ જય જિનેન્દ્ર ।।

## અવિસ્મરણીય ભારત દર્શન

બારે મહિના નિયમીત ટુરો

- કાશ્મીર
- લેહ-લદાખ
- દાર્જીલીંગ-સિક્કીમ
- હિમાચલ પ્રદેશ
- નૈનીતાલ-મસુરી
- ગોવા-કારવાર
- શિખરજી યાત્રા
- ચારધામ યાત્રા
- સાઉથ
- કેરાલા
- કૈલાસ માનસરોવર
- એડવેન્ચર કેમ્પ
- મિલ્ક & ચીઝ ટુર

## અવિસ્મરણીય વિદેશ દર્શન

સર્વશ્રેષ્ઠ અને પ્રમાણીક ટુરો

| | |
|---|---|
| યુરોપ | દિ.૧૭/૧૯ |
| ફાર-ઈસ્ટ | દિ.૧૧/૧૩ |
| સ્વિત્ઝરલેન્ડ પેરીસ | દિ.૧૧ |
| મલેશીયા સિંગાપુર | દિ. ૭/૮ |
| સ્વિત્ઝરલેન્ડ | દિ.૮ |
| થાઈલેન્ડ | દિ.૫/૬ |
| ઈસ્ટર્ન યુરોપ | દિ.૧૨ |
| દુબઈ | દિ. ૬ |
| સ્કેન્ડીનેવીયા | દિ.૧૫ |
| હોંગકોંગ | દિ. ૯ |

### બાળકો માટે લક્ઝરી, એડવેન્ચર, કેમ્પ અને ફન-ટુરો

છેલ્લા ૨૦ વર્ષથી કપલ, ફેમિલી ટુરનું દેશ વિદેશમાં સફળતાપૂર્વક આયોજન બાદ તમારા બાળકોમાં આત્મવિશ્વાસ, મનોબળ, શિસ્ત, નેતૃત્વ, નિડરતા, માનસિક ને શારિરીક વિકાસ માટે સાહસિક પ્રવૃત્તીઓ પ્રોફેશનલ એક્સપર્ટ દ્વારા ૧૨ થી ૨૫ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે એડવેન્ચર કેમ્પ અને ફન-ટુરોનું ઉત્કૃષ્ટ આયોજન.

2 X 2 બસ, રજવાડી હોટલો આપણા રસોડે બાદશાહી નીત નવા ભોજનો. સંપૂર્ણ સલામતી, સાહસમય પ્રવૃત્તીઓ સાથે ભરપૂર મનોરંજન માટે હીના ટુર્સના સથવારે આપણા બાળકોને વિના સંકોચે એકલા મોકલો. માર્ચ થી મે મહીના સુધી નિયમિત ટુરો (૧) લવાસા સાથે ગો-ચીઝ ફેકટરીની મુલાકાત દિ-૦૫, (૨) મનાલી દિ-૧૦ (૩) કુર્ગ દિ-૦૭ (૪) મુન્શીયારી-અલ્મોડા-કોર્બટપાર્ક દિ-૧૩ (૫) થાઈલેન્ડ દિ-૦૭ ને અન્ય એડવેન્ચર ટુરો.

વધુ વિગત અને સાચા માર્ગદર્શન માટે રૂબરૂ મળો અથવા ફોન કરો

**હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
(ઘાટકોપર)
**હેતલ - ૦૯૧૬૭૭૪૨૭૪૧**
(પાર્લા)
**નેહા - ૦૯૭૬૯૪૪૨૭૪૧**
સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી
(રવિવારે રજા)

## ગોવર્ધન ડેરી અને હિના ટુર્સ રજુ કરે છે ભારતમાં સૌ પ્રથમ

GO CHEESE

## મિલ્ક & ચીઝ ટુર

મુંબઇ થી ૪/૫ કલાકના અંતરે મંચર સ્થિત અને ગુજરાતી જૈન પરિવારની માલિકીની ભારતની મોટામાં મોટી ડેરી માં LIVE નિહાળો.

■ એશિયાના મોટામાં મોટા ચીઝ પ્લાન્ટમાં LIVE ચીઝ બનતી નિહાળો. ■ ભારતનું સૌ પ્રથમ ''રોટરી મિલ્ક પાર્લર'' કે જ્યાં શિસ્તબધ્ધ ગાયનાં આંચળ માંથી નીકળતાં દુધ ને માનવ સ્પર્શ જ નહી. ■ દરરોજ ૧૨ લાખ લીટર દુધમાંથી બનતી ૨૫ થી વધુ પ્રકારની બનાવટો. ■ એક સાથે ૩૦૦૦ ગાય રહી શકે તેવું આધુનિક ફાર્મ કે જેનાં ''ગોવાળ અમેરિકન'' હોય. ■ ગાયનાં વાછરડાં માટેનું આધુનિક ''પારણાં ઘર''

સ્કુલ, કૉલેજ, કંપની, મહિલા મંડળ સોશિયલ ગ્રુપો તથા ફેમિલી સાથે માણવા જેવી યાદગાર **મિલ્ક એન્ડ ચીઝ ટુર**

**₹ ૫૦૦/-** માં ડેરી વિઝીટ + લંચ + સ્નેક્સ + ફ્રી ગિફ્ટ હેમ્પર

ફક્ત હિના પાસે છે ગોવર્ધન ડેરીની "SPECIAL PERMISSION" સાથે માણી શકો છો ભીમાશંકર-માલશેજઘાટ-જૈન યાત્રા અષ્ટવિનાયક યાત્રા ની ૧ થી ૪ દિવસની SHORT TOUR.

## રોમાંચક હોંગકોંગ મકાઉ શેન્ઝેન

**ખાસ આકર્ષણોઃ**

- હોંગકોંગ માં ૪ રાત્રી ૫ સ્ટાર હોટલમાં
- મકાઉમાં ૨ રાત્રી ૫ સ્ટાર હોટલમાં
- શેન્ઝેનમાં ૨ રાત્રી ૪ સ્ટાર હોટલમાં
- મકાઉની સૌથી સારી હોટલ ગેલેક્સીમાં અમારા મહારાજનાં હાથે બનાવેલાં ૨ લંચ-૨ ડિનર

**હિના સ્ટાઈલમાં**
૯ દિવસની વ્યવસ્થીત ટુર
ફક્ત ₹ ૯૯,૭૫૦/-

ટુર ઉપડશે
- ફેબ્રુઆરીઃ ૭, ૧૬, ૨૫
- માર્ચઃ ૫, ૧૪, ૨૩
- એપ્રિલઃ ૧૦, ૧૯, ૨૮
- મેઃ ૭, ૧૬, ૨૫ ❖ જુનઃ ૩, ૧૨

**અન્ય વિશેષતાઓ** ■ આરામ દાયક ટુર પ્રોગ્રામ ■ મકાઉઃ સિટી ટુર, મકાઉ ટાવર શેન્ઝેનઃ સિટી ટુર, વન્ડર ઑફ ધી વર્લ્ડ ■ હોંગકોંગઃ સિટી ટુર, મેડમ્ તુસાડ્સ વૅક્સ મ્યુઝીયમ, વિક્ટોરીયા પીક (હાઈ લેવલ સુધી), ઓશીયન પાર્ક, ડિઝ્નીલેન્ડ ■ શેન્ઝેન થી હોંગકોંગ ની યાદગાર ટ્રેન મુસાફરી અને શોપીંગ માટે પુરતો સમય...માત્ર હિના સાથે જ.

## હિના સ્પેશિયલ ફાર-ઈસ્ટ

સર્વશ્રેષ્ઠ અને પ્રમાણીક / બારે મહિના નિયમીત ટુરો

આરામ દાયક ટુર પ્રોગ્રામ ■ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ ■ ૩/૪ સ્ટાર હોટલોમાં આવાસ ■ અમારાં પોતાના મહારાજ દ્વારા વિવિધ વાનગીઓનો રસથાળ (માત્ર હિના સાથે-બાકી દરેક ટુરોના દાવા પોકળ સાબીત થયા છે)

| VIP | DELUXE |
|---|---|
| થાઈલેન્ડ-મલેશિયા-સીંગાપોર<br>દિવસ - ૧૩<br>₹ ૧,૦૪,૭૫૦/- / ₹ ૧,૧૦,૦૦૦/- | થાઈલેન્ડ-મલેશિયા-સીંગાપોર<br>દિવસ - ૧૧<br>₹ ૮૪,૦૦૦/- / ₹ ૮૯,૦૦૦/- |
| મલેશિયા-સીંગાપોર<br>દિવસ - ૭<br>₹ ૭૯,૦૦૦/- / ₹ ૮૫,૦૦૦/- | મલેશિયા-સીંગાપોર<br>દિવસ - ૬<br>₹ ૬૨,૦૦૦/- / ₹ ૬૯,૦૦૦/- |
| બેંગકોક-પટ્ટાયા<br>દિવસ - ૭<br>₹ ૫૦,૬૦૦/- / ₹ ૫૧,૦૦૦/- | બેંગકોક-પટ્ટાયા<br>દિવસ - ૬<br>₹ ૩૯,૦૦૦/- |

## અવિસ્મરણીય યુરોપ-૨૦૧૨

ભાગદોડ વગરની આરામદાયી અને પ્રમાણિક ટુરો

- વર્લ્ડ ક્લાસ એમીરેટ્સ એરલાઇન
- ૩/૪ સ્ટાર હોટલોમાં આવાસ
- ભરપુર સાઇટ સીઈંગનો સમાવેશ
- સંપુર્ણ ટુર દરમ્યાન ગુજરાતી નાસ્તો અને મસાલા ચાય
- કિચન કેરેવાન માં અમારા મહારાજ પેરીસ થી લંડન યુરો સ્ટાર ટ્રેન દ્વારા
- ૨૦૧૦-૧૧ નાં ૧૦૦% સંતુષ્ટ પ્રવાસીઓની યાદી.

**સ્પેશીયલ ઑફર**
૩૧ જાન્યુઆરી ૨૦૧૨ પહેલા બુકીંગ કરાવનાર માટે
માત્ર ₹ ૨,૧૭,૫૦૦/-
(દિવસ ૧૭-લંડન સિવાય)
યુરો ડિફ્રન્સ વગર

પેરીસના ડિઝનીલેન્ડમાં **હોટલ મેજીક સર્કસમાં** ૩ રાત્રી નો યાદગાર મુકામ માત્ર હિના સાથેજ.

૮/૧૧/૧૩/૧૭/૧૯ દિવસ
૧૮ એપ્રીલ થી નિયમીત ટુરો
EU-1 થી EU-5

સીનીયર સીટીઝન સ્પેશીયલ યુરોપ-૨૦૧૨ * ૧૨ જુનથી દર અઠવાડીયે

**સાચા માર્ગદર્શન, વધુ વિગત અને કલર બ્રોસર માટે સંપર્ક :**

Heena® TOURS & TRAVELS
સહિયારી હનીમુન ટુરો
DOMESTIC & INTERNATIONAL

વિલેપાર્લા : 022 - 67294444 / 32514816 / 17
ઘાટકોપર : 022 - 67295000 / 32514819
પુના : 020 - 6529 3474 / 6060 3474
E-mail: mail@heenatours.in • www.heenatours.in

॥ શ્રી તીર્થાધિપતિ સુપાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી ચક્રેશ્વરી દેવ્યૈ નમઃ ॥ નમો નમઃ ગોયમ-સુહમ્મ-આર્યરક્ષિત-ગુણસાગર સૂરીભ્યો ॥ શ્રી મહાકાળી દેવ્યૈ નમઃ ॥

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

*સૌરાષ્ટ્રમંડન*

## મોડપર તીર્થ વિકાસ યાત્રા સમારોહ

પધારો અતિથી વિશેષોની હાજરીમાં. શ્રી નરેન્દ્રભાઈ નંદુ સંચાલિત કાર્યક્રમમાં.



## હાર્દિક આમંત્રણ



**દિવ્ય કૃપા**

મહાન ત્યાગી, સૂરિપદ દંતાણીરત્ન પ. પૂ. દાદા ગુરૂદેવ આ. ભ. શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ. સા. ના
ક્રિયોધ્ધાર અને વિધિપક્ષ (અચલગચ્છ) પ્રવર્તનની નવમ શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે
પ્રતિભાશાળી પ. પૂ. દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણાએ નિર્મિત અને પ્રતિષ્ઠિત
કચ્છ-હાલાર દેશોધ્ધારક પ. પૂ. દાદા ગુરૂદેવ શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ. સા. દ્વારા જીર્ણોધ્ધારીત
શાસનસમ્રાટ રાષ્ટ્રસંત પ. પૂ આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. ના જન્મ શતાબ્દિ-સંયમ હિરક વર્ષનાં ઉજવણી વર્ષે,
અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના શુભ આશિષે

**સાહિત્યદિવાકર, રાજસ્થાન દિપક, મોડપર તીર્થોધ્ધારક પ્રેરક, માર્ગદર્શક**

## પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. આ. ઠા.

**ની પાવન નિશ્રામાં અને મુંબઈમાં બિરાજમાન સમસ્ત સાધુ-સાધ્વીજી ભગવંતોના સાનિધ્યે**

સમારંભના મુખ્ય વિશિષ્ટ અતિથિ :
**શ્રી નયનભાઈ અશોકભાઈ ભેદા**
(પ્રમુખ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ)
વારાપધ્ધર - મુલુંડ

મુખ્ય અતિથિવિશેષ :
**શ્રી મીઠુભાઈ માવજીભાઈ ગડા**
(ગુરૂભક્ત, અગ્રણી દાનવીર)
રાયધણજર - વિલેપાર્લા

### માનનીય શ્રી અતિથિ ગણ

| | | | |
|---|---|---|---|
| શ્રી અમરચંદભાઈ રામજી ગાલા | રાયણ - બાબુલનાથ | શ્રી હીતેશભાઇ માણેકજી મોતા | રાપરગઢવારી-વાલકેશ્વર |
| શ્રી નવીનભાઈ ઉમરશી ગંગર | નાગલપુર-દાદર | શ્રી તિલોકચંદભાઈ નરશી દંડ | વરાડીયા-મલકાપુર |
| શ્રી દીપકભાઇ ધારસી ભેદા | મોખા-થાણા | શ્રી કીરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા | રવા-ચેમ્બુર |
| શ્રી દિપકભાઈ મુલચંદ ગોસર | વીઢ-મુલુન્ડ | શ્રી ભુપેન્દ્રભાઇ મૂરજી દંડ | લાખણીયા-નવીમુંબઈ |
| શ્રી સુંદરજીભાઈ મુલજી શાહ | સણોસરા-પવઈ | શ્રી કુલીનકાંતભાઈ પદમશી પીર | સુથરી-ડોંબિવલી |
| શ્રી કાંતિલાલભાઈ ગાંગજી વોરા | રંગપુર-કોઈમ્બતુર | શ્રીમતિ ઈન્દીરાબેન જે. વિકમશી | જખૌ-ઘાટકોપર |
| શ્રી પ્રકાશભાઇ નેમીચંદ સિંઘવી | બાડમેર-અમદાવાદ | શ્રી બીપીનભાઈ પાશ્વીર નાગડા | રંગપુર-મુલુન્ડ |
| શ્રી હર્ષવર્ધન સોમચંદ ગોસરાણી | જામનગર | શ્રી ખુશાલભાઇ દામજી વોરા | અંજાર-ઘાટકોપર |

**શુભ સ્થળ અને તારીખ**

શુભ દિવસ : રવિવાર તા. ૮ એપ્રિલ ૨૦૧૨ ના સવારે ૮ કલાકે.....
શુભ સ્થળ : કાલીદાસ નાટ્ય મંદિર, પી. કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

અગાઉ આ કાર્યક્રમ વર્ધમાનનગરના હોલમાં ગોઠવેલ પરંતુ હવે આ કાર્યક્રમ કાલિદાસ હોલમાં છે.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



ગામ-મોટીસિંઘોડી



**પિતાશ્રી ખીમજી લખમશી મોમાયા**
અરીહંતશરણ ૧-૮-૧૯૮૮

**માતુશ્રી જેતબાઈ ખીમજી મોમાયા**
અરીહંતશરણ ૨૫-૩-૨૦૦૮

જાત મહેનત જેમનો મંત્ર, સ્વભાવમાં સાલસતા, વાણીમાં વાત્સલ્યતા, મનમાં માનવતા, દિલમાં ઉદારતા, ધર્મમાં આસ્થા, પરોપકારમાં પ્રભુતા, નયનોમાં નીખાલસતા, જેવા અલંકારોથી ઓપતા મારા માતા અને પિતાને કોટી કોટી પ્રણામ...

આ યુગમાં માતા તો જાણે દિકરીને સાથ આપે પણ પિતાશ્રીનો પણ એટલોજ ફાળો મને પ્રોત્સાહન આપવામાં, પરણેલી દિકરીને પોતાના ઘરે રહેવા આપવી, એવા મારા માતા અને પિતાશ્રી લાગણીશીલ સ્વભાવ અને નિસ્વાર્થ પ્રેમ જૈન ધર્મની પ્રત્યેની ભાવના હરહંમેશ પ્રેરણા આપતી રહેશે. એવી મારી માવડી અને બાપુજીએ (અધા)એ રહેવા આશરો આપ્યો તેમનાં ઉપકાર હું અને મારા દિકરા ભાવિન અને નિતેશ અમે કદી ભુલી નહીં શકીએ. અત્યારે અમે જે સ્થાને પહોંચ્યા છીએ અને જે નામના મેળવી છે એ ફક્ત એમને અને એમનેજ આભારી છે.

ઓ, જન્મદાયી માતા-પિતા,
આપ વિના અધુરી અમારી નાવલડી,
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં,
એવી માવતરની પ્રીત, ભુલી પણ ભુલાય નહીં.

લિ.

**ભાવિન અને નિતેશ વિણા નાગડા**

**ભાઈઓ બહેનો, વહુ, પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રી**

॥ નમામિ જ્ઞાતિ મૈયે ॥

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. શ્રી ચીમન મોતા, ૧૯-૨૦ મોનાણી સદન, નહેરુ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

### જ્ઞાતિ સંપર્ક અભિયાન તૃતિય ચરણ

સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોનો જનસંપર્ક કરવાના પ્રયાસરૂપે અભિયાનનાં તૃતિય ચરણે... **જામનગરમાં શનિ. તા.૨૪-૩-૧૨ના રાત્રે ૯ વાગે અને અમદાવાદમાં રવિ. તા.૨૫-૩-૧૨ના સાંજે ૪ વાગે બન્ને સ્થળે બેઠકો યોજી છે.** આ બન્ને કાર્યક્રમમાં આસપાસનાં પરિસરનાં જ્ઞાતિકાર્યકરો, મહિલાઓ-યુવાઓ જરૂરથી પધારશોજી.

પ્રાચીન તીર્થ મોડપુરના જિર્ણોધ્ધાર મંગલાચરણ અંગે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં મુંબઈ-મુલુન્ડમાં બેઠક નિર્ધારીત હોઈ ઉક્ત બેઠકોના સમયપત્રકમાં ફેરફાર જરૂરી બન્યો છે. તેની નોંધ લેશો.

આ બેઠકોમાં ત્યાંના મહાજન, અન્ય સંસ્થાઓનાં પ્રતિનિધિઓ અને સર્વે જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

સમસ્ત મહાજનના પ્રતિનિધિઓ પાસે જ્ઞાતિવિકાસ માટેના સુચન/મંતવ્ય આવકાર્ય છે.

**ચીમન મોતા - સેક્રેટરી જનરલ**

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**

## શ્રી અજિતનાથ જૈન દેરાસર-ગોરખડી

ગોરખડીનાં દેરાસરમાં ધજા મહોત્સવ રાખેલ ધજા ફાગણ વદ ૨ના રોજ ચડાવવામાં આવેલ. ધજા મુંબઈ વસતા **શા. મહેન્દ્ર હીરજી લોડાયાએ** મોકલાવેલ. ગામમાં વસતા જ્ઞાતિજનોએ ઉમંગે ભાગ લીધેલ.. ભાઈ **શ્રી નવીનચંદ્ર, ખુશાલચંદ્ર તથા લક્ષ્મીચંદભાઈ** તથા મુંબઈથી આવેલ **શ્રી જયંતીલાલ પટેલ** આ પ્રસંગે હાજર રહેલ.. પૂજારીશ્રી કાંતીભાઈએ સારી સેવા બજાવી.. આ પ્રસંગે દેરાસરમાં સ્નાત્રપૂજા તથા શાંતિકળશ તથા પ્રભાવના રાખેલ. પ્રમુખ શ્રી બાબુભાઈ લોડાયાની તબિયત બરાબર ન હોવાથી તેઓ આવી શક્યા નહિં. એકંદરે આ પ્રસંગ ખૂબજ સારી રીતે પાર પડ્યો. સૌની અનુમોદના...

પ્રમુખ

**શા. બાબુલાલ જીવરાજ લોડાયા**

જય જિનેન્દ્ર વાંચશો

**અનુમોદના... અનુમોદના... અનુમોદના**

## અમારા પરિવારના માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધનજી ધરમશી પરિવાર-સુથરી (પૂના/માટુંગા)

આપના દ્વારા **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના** સંગાથે સમાજના જરૂરીયાતમંદ વૃધ્ધજનો તથા વૃધ્ધ કુટુંબો માટે વૃધ્ધ પેન્શન યોજના જેમાં દર મહિને **૧૦૦ કુટુંબોને** દરેકને **રૂા.૧૫૦૦** રોકડ સહાયની યોજના જાહેર કરી છે. એ માટે અમે કુટુંબને ધન્યવાદ આપીએ છીએ.

આ કલિયુગમાં પોતાના પણ સેવા નથી કરતા ત્યારે **સંજયભાઈ** તથા **કલ્પેશભાઈ** એ જે શ્રવણની ભૂમિકા નિભાવી છે એ ખરેખર અનુમોદનીય છે. સમાજમાં ઘણાં સુંદર કાર્યો થાય છે પણ આવી દુરંદેશી નજર કરી વૃધ્ધો માટે જે કર્યું છે તે ખરેખર પ્રશંશાપાત્ર છે. આવા સમાજ ઉપયોગી કાર્ય આગળ પણ કરતા રહો એવી અમારી શુભેચ્છા...

આ પરિવાર દ્વારા **ડોંબિવલી મંડળના** સંગાથે **૯૦ ઘરોને અનાજની કીટ, ૨૫ ઘરોને** વૃધ્ધ પેન્શન તથા ડોંબિવલી તથા આજુબાજુનાં પરામાં વસતા જ્ઞાતિજનો માટે **કીડની ડાયાલીસીસ ફ્રી** કરી અપાય છે. આવા ઘણાંજ સમાજ ઉપયોગી કાર્યો કરી રહ્યા છે. આ પરિવારની જેટલી પણ અનુમોદના કરીએ એટલી ઓછી છે. અનુમોદના !



લિ.

**માતુશ્રી ચંપાબાઈ ધનજી ધરમશી**

**(સુથરી-મસ્જીદબંદર)**



# શ્રી ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર જૈન સંઘ
# કરાવે નવપદ ઓળી, ભાગ્યશાળીઓ ભરો પુણ્યની ઝોળી

***"તપ ત્યાગથી કરવી છે કર્મની હોળી,***
***આરાધના કરી ભરવી છે પુણ્યની ઝોળી,***
***આરાધકોની અનંતછાયામાં સંખ્યા જામશે બહોળી***
***કારણ... આવી રૂડી શાશ્વતી આયંબિલની ઓળી."***

નાશવંતી દુનિયામાં શાશ્વત સુખોની પ્રાપ્તિ એટલે શાશ્વતી આયંબિલની ઓળીની કરાતી આરાધના. વર્ષમાં બે વખત ઉજવાતી અને અનેક ચમત્કારોને પુરતી આ આયંબિલની ઓળી "અનંતછાયા" ઘાટકોપરના પ્રાંગણે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.નાં આજ્ઞાવર્તીની પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.નાં શિષ્યાની શુભ નિશ્રામાં ચૈત્ર સુદ ૭ **તા.૨૯-૩-૨૦૧૨**થી ચૈત્ર સુદ ૧૫ **તા.૬-૪-૨૦૧૨** સુધી દાતા **શ્રી મુલજી રાઘવજી લોડાયા પરિવાર**, (સાંધવ-દાદર) **હ. જયશ્રીબેન કાંતિલાલ** દંડના સથવારે ઉજવવા સૌ તત્પર થઈએ અને દાદા અનંતનાથ ઉપર આસ્થા, શ્રધ્ધા અને સમર્પણથી જોડાઈને જીવન સાર્થક કરીએ. તો ચાલો સૌ.... તૈયાર થાવ... અને જોડાઈ જાવ...

**~ નિમંત્રક ~**



**શ્રી. ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘનાં**
**કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર**



**-: અગત્યની સુચના :-**

વૈશાખ સુદ ૧૦ તા.૧-૫-૧૨થી વૈશાખ સુદ ૧૩ તા.૩-૫-૧૨ના શ્રી અનંતછાયાના ગૃહજિનાલયની ૨૨મી વર્ષગાંઠ નિમિતે ત્રિહાહ્નિકા મહોત્સવ રાખવામાં આવેલ છે. વધુ વિગત પાછળથી જાહેર કરવામાં આવશે. આયંબિલની ઓળીના નામો અનંતછાયાના મહેતાજી પાસે સવારના ૯.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી લખાવવા વિનંતી.

**સંપર્ક : શ્રી ચિમનભાઈ-ટે.નં.૨૫૦૬૯૦૯૯**

## શ્રી ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ એસોશિયેશન

કાર્યાલય : C/o. એન.બી.શાહ એન્ડ એસોશિયેટસ્, ૬૦૧, દામજી શામજી ટ્રેડ સેન્ટર, રેલ્વે સ્ટેશનની બાજુમાં, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.

### બજેટ મિટિંગ - ૨૦૧૨

છેલ્લા ૧૫ વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્સ એસોશિયેશન દ્વારા તેનાં સભ્યો તેમજ જ્ઞાતિનાં લાભાર્થે **બજેટ મિટિંગ**નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે બજેટ મિટિંગ રવિવાર **તા.૨૫-૦૩-૧૨**નાબપોરનાં ૩.૩૦ કલાકે કે.જે. સોમૈયા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ઓડિટોરિયમ, ૪થે માળે, વિદ્યાવિહાર (ઈસ્ટ), રાજાવાડી, મુંબઈ-૪૦૦૦૭૭ મધ્યે રાખેલ છે. આ મિટિંગનાં અધ્યક્ષપદે સી.એ. **શ્રી કમલેશ વીકમશી** રહેશે અને અતિથી વિશેષ તરીકે **શ્રી હીરાચંદ દંડ** (મધુ એન્ટરટેન્મેન્ટ) પધારશે. બજેટ ઉપર નીચે મુજબ વિષયો પર ચર્ચાનું આયોજન કરવામાં આવેલ છે.

| વિષય | સ્પીકર |
|---|---|
| **ઇન્કમ ટેક્સનાં સુધારા** | **CA જસ્મીન શાહ અને CA ધારિણી શાહ** |
| **સર્વીસ ટેક્સનાં સુધારા** | **CA રાજીવ લુઠીયા** |
| **બજેટની શેરબજાર પર અસરો** | **શ્રી રવિન્દ્ર ધરમશી** |

આ કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિનાં વિદ્યાર્થીઓ જેમણે મે/જુન ૨૦૧૧ તથા નવેમ્બર / ડિસેમ્બર ૨૦૧૧માં Final/ PII/PC/PCE/IPCC વગેરે તથા સમકક્ષ પરીક્ષા CA, CS અથવા ICWA ઉતીર્ણ કરેલ હોય તેમનું બહુમાન કરવામાં આવશે. આ માટે દરેક વિદ્યાર્થી પોતાનાં ઉપરનાં કોર્સો પાસ થયાની વિગતો તથા તેમનાં સરનામાં email : rajiv@rjl.co.in અથવા ફોન (૦૨૨) ૨૫૬૪૧૫૫૩ અથવા ૦૯૮૨૧૧૪૩૫૨૪ પર SMS કરવા વિનંતી.

સર્વે ઇચ્છુક જ્ઞાતિજનોને કાર્યક્રમમાં પધારવા આમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી મોમાઈ માતાય નમઃ ॥ ॥ શ્રી રામદેવ પીરને નમઃ ॥

શ્રી સાંયરા મોમાઈ માતાજીને નમતા ભાવિકો જોગ,

## ભાવભર્યું નિમંત્રણ

શ્રી **સાંયરા** (કચ્છ અબડાસા) મધ્યે બિરાજમાન **મોમાયા** નુખના કુળદેવીશ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી બીજી સમુહ પહેડી પ્રસાદનું આયોજન સવંત ૨૦૬૮ ચૈત્ર વદ ૨ ને રવિવાર **તા.૮-૪-૨૦૧૨**ના શુભ દિવસે કરવામાં આવેલ છે. શ્રી મોમાઈ માતાજીની સમૂહ પહેડીના દાતા **માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી મોમાયા (પટેલ) પરિવારે** (સાંયરા) એ લાભ લીધેલ છે.



**શુભ સમય : સવારના ૯ થી ૨ કલાકે**
**શુભ સ્થળ : શ્રી કચ્છી જૈન શ્વે. મૂર્તિપુજક જૈન સંઘની**
**શ્રી નારાણજી શામજી મોમાયાની વાડી, મહેશ્વરી ગાર્ડન,**
**કિંગસર્કલ, માટુંગા, મુંબઈ ૪૦૦૦૧૯. (C.R.)**



સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામોના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર આ શુભ પ્રસંગે પધારવા અને પહેડી પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યું **આમંત્રણ** છે. આ શુભ પ્રસંગે ભક્તિ ભાવના, રાસગરબાની રમઝટ તેમજ નૈવેધ પ્રસાદ તથા આરતી રાખવામાં આવેલ છે.

**નોંધ :** માતાજીના ચડાવાનો અમુલ્ય લાભ લેવા વહેલાસર પધારશોજી પહેડીમાં કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં.

લિ. **ભોઈમાં જયાબેન નવનિચંદ્ર મોમાયાના જય માતાજી - મો.09220916927**

**-: સંપર્ક :-**

શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (ગાંધીધામ) 09825351001
શ્રી ભદ્રેશ મુલજી મોમાયા (મુલુંડ) 09833131359
શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા (રાજકોટ) 09428892226
શ્રી ધનપતિ કુંવરજી મોમાયા (જલગામ) 09423185716
શ્રી હીરાચંદ વિશનજી મોમાયા (ઘાટકોપર) 09870336826
શ્રી દિનેશ મેઘજી મોમાયા (ડોમ્બીવલી) 09820678051
શ્રી ચિમનલાલ દામજી મોમાયા (સેંઘવા) 09425089896
શ્રી શ્રેણીક નરશી મોમાયા (મુલુંડ) 09323785320

## ''કચ્છી કાવની સરવાણી''

(સંકલનકાર - સોમ ધરમશીં)

### કવિ તેજ - મણકો - ૮

#### બે પંક્તિઓ નો મર્મી કવિ

ગયા અંકમાં ''પખિયનજિયું પિરોલિયું'' માંથી થોડાક પક્ષીઓની ઓળખ તેજની કલમ દ્વારા કરાવી, પણ ૩૧૮ પક્ષીઓની ઓળખાણ આ પાના ઉપરથી કવિ તેજનાં સંગાથે કરાવું તો પાનાનાં પાના ભરાય. તેથી છેલ્લે સમાજ ઉપયોગી દેશી ગીધ વિશે તેજનું શું અવલોકન છે તે નીરખી બે ચાર કાવ્ય પંક્તિઓ માણી આપણે પણ ઉડી નીકળીયે.

કચ્છ અને સમગ્ર ભારતમાંથી જે પક્ષીઓ વિશેષ પ્રમાણમાં ઓછા થઈ રહ્યા છે તે છે દેશી ગીધ. જેને કચ્છીમાં ભુખરો ગિરજ પણ કહે છે. આ પક્ષી ખેતી વાડીના પ્રદેશમાં માનવ જાતની વિશેષ સેવા કરે છે. મરેલા પશુઓ તેમનો ખોરાક છે અને તેના કારણે તેનો નિકાલ સારી રીતે થાય છે. કવિ તેમનું વર્ણન કરતાં તેમની વિશિષ્ટતા જણાવે છે.

**''ચક્કર ડીં આસમાનમેં, તિતા નજરૂં તાણી;**
**ઉતરેં તરી કમાન જીં, મોચલ ડિસેં પ્રાણી.**

નાનો હતો ત્યારે મુંબઈનાં કોટ હોલી ચકલામાં રહેતો હતો. જી.પી.ઓ.ની સામે એક કબુતર ખાના કરી જગ્યા હતી, ત્યાં સવારનાં ચણ નાખવા કયારેક પિતાશ્રી સાથે જતો અને ત્યાં કબુતરોનાં ટોળાં જોતો. કેટલીકવાર ચકલી ને કાગડા પણ દેખાતા. હવે તો કદાચ એ પણ નથી રહ્યા. પણ છેલ્લા ૮ વર્ષનાં કચ્છમાં વસવાટ દરમ્યાન મારા ઘરનાં આંગણામાં તેમજ ગુણપુરી નગર સોસાયટીના પ્રાંગણમાં ઘણા રંગબેરંગી પક્ષીઓ જોવાનો મોકો મળેલ છે. છારી ઢંઢ, માંડવીનો ટોપણસર તળાવ, નારાયણ સરોવર પર ભગવાનનાં આ રૂપકડાં સર્જનને માણ્યું છે, ત્યારે આ પંક્તિઓ યાદ આવી જાય....

**મિઠો ઉનીંજો વસીલો, મિઠી ઉનીંજી વાણી;**
**પખી વસે ઉત્તે જિતે, અંન, પંન ને પાણી.**

**બોલ મિઠા માણિયું, તન-મન અચે મજા;**
**હલો સજણ ઉત વસોં, જિત પખી ડિસોં જિજા.**

છેલ્લે વિનંતી કરૂં કે આ પુસ્તક તમારા ઘરમાં વસાવવા જેવું છે અને તેના ઉપરથી એક વખત આંખ ફેરવશો તો તમે પણ ઝુમીને અમિતાભ બચ્ચનની માફક બોલી ઉઠશો... ''કચ્છ નહીં દેખા તો કયા દેખા'' અને મારા તરફથી ઉમેરીશ કે ... ''ઓર ઉસ કે પંછી નહીં દેખે તો કુછ ભી નહીં દેખા.

## કુંભારી કસભ

**માણેઓ ત મિંજ પિઈ માણે ગિનોં 'તેજ'**
**નકાં કીં સાંચર વટ લેરીએં જા લેખાં નવેં.**

(જિંદગીની સફરની મોજ માણવી હોય તો જેમ દરિયાને માણવા દરિયામાં કુદી પડવું જરૂરી છે તેમ જિંદગીને માણવા તેમાં ઓતપ્રોત થઈ જવું જરૂરી છે. દરિયો ભરતી-ઓટના હિસાબ રાખતું નથી, કોઈ કવિએ સાચું જ કહ્યું છે **''અંદર પડ્યા તે મહાસુખ માણે, કિનારે ઉભેલ શું જાણે રે..''**

કવિ તેજનાં વિપુલ સર્જન (૨૮ પુસ્તકો)ની રસલ્હાણ પાંચથી છ અંકમાં જ સમાવી લેવાની તૈયારીથી આ લેખમાળા શરૂ કરેલ પણ જેમ જેમ તેમનાં સર્જન માંથી પસાર થતો જાવું છું. તેમ તેમ તેમની મેઘધનુષના રંગો જેવી જુદી જુદી આભાઓને સ્પર્શવાની લાલચ રોકી શકતો નથી તેમજ આપણાં આ કવિનાં માતબર સર્જનને મિત્રભાવે પણ અન્યાય ન થાય તેની તકેદારી રાખું છું.

ઉપરોક્ત તૈયારી સાથે આ લેખ લખવા બેઠો અને કવિ તેજનાં ચાહક શ્રી વિજયભાઈ શાહ (રાયણ - વિપશ્યના સાધક, સજીવ ખેતી અખ્ત્યાર કરી એલોવીરા અને ઉત્તમ ખારેકના ઉત્પાદક) મને ૭૨ જિનાલય પાસે મળ્યાં અને તેજની તાજેતરમાં જ બહાર પડેલ પુસ્તિકા ''કુંભારી કસબ'' વિશે વાત નીકળી (તેજભાઈ કયારે પુસ્તક છપાવે અને કયારે લોકાર્પણ કરી દે તેનો ભરોસો નહીં) આ પુસ્તક મારી પાસે ન હોવાની જાણ થતાં જ બીજા દિવસે સુંદર મોહક રંગોમાં છપાયેલું પુસ્તક કુંભારી કસભ મને મોકલી આપ્યું. મુખપૃષ્ઠ પર આપેલ ફોટો અને કવિતાની બે મર્મી પંક્તિઓ મનભાવન થઈ ગઈ.

**હલ ભેણ વિકણી અચોં, ઠાં સેરજી સેરીએ;**
**ઠકા કરે ડીબો, ભલે નારીયું પિઈયું ન્યારીએં.**

તેજની કલમનાં કસબથી રંગાયેલ આ પુસ્તકમાંથી પસાર થતાં તેજભાઈની નિરીક્ષણ શક્તિ તેમાં ભેળવેલ કાવ્યનો આછેરો રંગ અને વિસરાઈ રહેલા આ કસબને ગ્રંથસ્થ કરવા લીધેલ મહેનતનો આનંદ પ્રાપ્ત થયો. આ પ્રાપ્ત થયેલ આનંદ તમને પણ ન વહેચું તો ગુજરાતીનાં આધ્યાત્મિક કવિશ્રી મકરંદ દવેની કવિતાનું અપમાન થાય.

**''ગમતાં ને અલ્યા ગુંજે ના ભરીયે,**
**ને ગમતાં નો કરીએ ગુલાલ''** વધુ આવતાં અંકે...

**સ્વાદ ફાસ્ટ ફૂડ સેન્ટર**

ગુણપુરી ગેટની સામે, ૭૨ જિનાલય પાસે, માંડવી.

**એક વખત પધારી વ્યંજનોનો રસાસ્વાદ માણો**

સંપર્ક : લતા ધરમશીં - મો. : ૦૯૮૨૫૮ ૨૫૪૫૧

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ-કોઈમ્બતુર
## નૂતન જિનાલય નવનિર્માણ શિલાન્યાસ વિધિ મહોત્સવ

શ્રી મુનિસુવ્રત સ્વામીની અસીમ કૃપાથી તેમજ પ.પૂ. આચાર્યો ભગવંતોના આશીર્વાદથી તામીલનાડુ રાજ્યના ઔદ્યોગિક શહેર કોઈમ્બતુર નગરે ૨૦મા તિર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનના ગૃહજિનાલયનું શાસ્ત્રોક્ત પધ્ધતિથી નૂતન જિનાલયમાં રૂપાંતર કરવાના કાર્યનું શુભારંભ થયેલ. આ નૂતન જિનાલયનાં નવનિર્માણના શિલાન્યાસનો ત્રિહાનીકા મહોત્સવનો કાર્યક્રમ ફાગણ સુદ ૩, શુક્રવાર **તા.૨૪-૨-૨૦૧૨**થી ફાગણ સુદ ૫ રવિવાર **તા.૨૬-૨-૨૦૧૨** સુધી રાખવામાં આવેલ.

### -: મહોત્સવનો પ્રથમ દિવસ :-

૧. કુંભ સ્થાપના : **લાભાર્થી માતુશ્રી પુરબાઈ લક્ષ્મીચંદ દંડ**
૨. અખંડ દિપક સ્થાપના : **લાભાર્થી શ્રીમતી રચના જયેશ હિંમતલાલ લોડાયા પરિવાર**
૩. જ્વારારોપણ : **લાભાર્થી ચિ. આર્યા ચિરાગ વોરા તથા ચિ. પ્રાચી જયેશ લોડાયા પરિવાર**
૪. નવગ્રહ પાટલા પૂજન : **લાભાર્થી શ્રીમતી કલ્પનાબેન કિર્તી નરશી મોમાયા પરિવાર**
૫. દશ દિકપાલ પૂજન : **લાભાર્થી શ્રીમતી વેજબાઈ ગોવિંદજી નરપાર નાગડા પરિવાર**
૬. શ્રી અષ્ટમંગલ પાટલા પૂજન : **લાભાર્થી શ્રીમતી સરલાબાઈ રતિલાલ ટોકરશી લોડાયા પરિવાર**

આરતીના લાભાર્થી : **શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ** ● મંગલ દીવાના લાભાર્થી : **શ્રી ગોવિંદજી નરપાર નાગડા**
શાંતિકળશના લાભાર્થી : **શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયા** ● સ્વામીવાત્સલ્યના લાભાર્થી : **શ્રી રતિલાલ ટોકરશી લોડાયા**

### દ્વિતિય દિવસ : શિલાન્યાસનો શુભ દિવસ

સૌ પ્રથમ નવ શિલાઓના લાભાર્થી પરિવારો દ્વારા વિધિવિધાનપૂર્વક શ્રી અષ્ટ પ્રકારી પૂજા કરવામાં આવેલ. ત્યારબાદ સવારના ૭ કલાકે શુભ મુહૂર્તે વાજતે ગાજતે શિલાઓને તે તે પરિવારો દ્વારા ભવન ખાતેથી દેરાસરજીના સ્થાને સકળ સંઘની હાજરીમાં તેમજ વિધિકારક શ્રી કેશવજી ધારશી ગડા તથા શ્રી બિપિનભાઈ દ્વારા મંત્રોચ્ચાર અને વિધિવિધાન સાથે કરવામાં આવેલ.

### -: શિલાન્યાસના લાભાર્થીઓ :-

૧. ઈશાનકોણ વિદિશા : **માતુશ્રી કુસુમબેન હિંમતલાલ લોડાયા પરિવાર**
૨. પૂર્વ દિશા શિલાન્યાસ : **ચિ. વિનીત નિતીન કાનજી લોડાયા પરિવાર**
૩. અગ્નિકોણ વિદિશા : **માતુશ્રી કલ્પનાબેન જવેરચંદ વિકમશી પરિવાર**
૪. ઉત્તર દિશા શિલાન્યાસ : **શ્રીમતી જ્યોત્સના શરદ કાનજી લોડાયા પરિવાર**
૫. મુખ્ય કૂર્મ શિલાન્યાસ : **કુ. આર્યા ચિરાગ કાંતિલાલ વોરા અને ચિ. પુરવ પ્રશાન્ત વિનોદ મોમાયા**
૬. દક્ષિણ દિશા શિલાન્યાસ : **શ્રીમતી કલ્પનાબેન કિર્તી નરશી મોમાયા પરિવાર**
૭. નૈઋત્યકોણ શિલાન્યાસ : **શેઠશ્રી નવિનચંદ્ર કુંવરજી શાહ પરિવાર**
૮. પશ્ચિમ દિશા શિલાન્યાસ : **શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ પરિવાર**
૯. વાયવ્યકોણ શિલાન્યાસ : **શ્રીમતી રમીલા વિનોદ મોમાયા અને શ્રીમતી શીતલ પ્રશાંત મોમાયા**

સ્વામીવાત્સલ્યના લાભાર્થી : **શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (મલકાપૂર)**

★ આ શુભ દિવસે મહાજનના ૧૫ સભ્યો દ્વારા આયંબીલનું વ્રત રાખવામાં આવેલ જેમાં ઘણા સભ્યોએ પોતાના જીવનમાં પ્રથમ વખત આયંબીલ કરેલ. મહાજન તરફથી સર્વેનું બહુમાન કરવામાં આવેલ.

**તૃતીય દિવસ :** લઘુ શાંતિસ્નાત્ર સંઘના ૨૭ પરિવારોએ લાભ લીધેલ જેનો નકરો રૂ.૫૦૧/- રાખવામાં આવેલ.
આરતીના લાભાર્થી : **શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયા** ● મંગલ દીવોના લાભાર્થી : **શ્રી કિર્તી નરશી મોમાયા**
શાંતિકળશના લાભાર્થી : **શ્રી બકુલ રૂપશી ખોના** ● સ્વામીવાત્સલ્યના લાભાર્થી : **શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયા**

ત્રિહાનીકા મહોત્સવ નિમિતે રૂ.૩૩,૦૦૦/-ની જીવદયાની ટીપ થયેલ. મહોત્સવ દરમ્યાન રાત્રે પ્રભુભક્તિ રાખવામાં આવેલ. તે માટે સંગીતકાર શ્રી કમલેશ જૈન બેંગ્લોરથી પધારેલ. અમારા આમંત્રણને માન આપી શ્રેષ્ઠીવર્ય જ્ઞાતિરત્ન **શ્રી તિલકચંદ નરશી જેઠાભાઈ દંડ** પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય ફાળવી તેમજ તીરૂપુર સંઘના સભ્યોએ અમારા કાર્યક્રમમાં હાજરી આપી આ શુભ કાર્યક્રમમાં ચારચાંદ લગાડેલ.

અંતમાં મહાજન દ્વારા **શ્રી તિલકચંદભાઈ**નું તેમજ વિધિકાર શ્રી કેશવજીભાઈ, શ્રી બિપિનભાઈ, સંગીતકાર શ્રી કમલેશભાઈ, સોમપુરા શ્રી અશોકભાઈ સર્વેનું શાલ ઓઢાળી મહાજનના પ્રમુખ શ્રી અનીલ દેવશી ડાઘા તેમજ અચલગચ્છના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નિતીન કાનજી લોડાયાના વરદ હસ્તે બહુમાન કરવામાં આવેલ.

આમ સંઘ પુણ્યોદયે કોઈમ્બતુર સંઘમાં મુનિસુવ્રતસ્વામીનું નૂતન જિનાલય નવનિર્માણ માટે મંડાણ થયા છે. ભૂમિપુજા, ખનનવિધિ અને મંગળ શિલાન્યાસ વિધાન સૌના સથવારે સફળતાપુર્વક સંપન્ન થયું.

॥ જય શ્રી ભલારાદાદા નમઃ ॥

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

## ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે

## સ્નેહભર્યું આમંત્રણ

શ્રી ભલારાદાદાના ભાવિકો જોગ,

હાલારની ધરતી પર શ્રી ભલારાદાદાના સ્થાનક લાલપુર ખાતે દેવાલયમાં દેવી–દેવતાઓની પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગે સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ ૧૩, ૧૪, ૧૫ (તા. ૪, ૫, ૬ એપ્રિલ ૨૦૧૨) ત્રિહાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન શ્રી અનંતનાથજી જીનાલય મુંબઈ સ્થાને બિરાજમાન પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સંગીત સહ વિધિ વિધાન સાથે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ શુભ પ્રસંગે સર્વે ભાવિકોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

● સ્થળ ●

શ્રી ભલારાદાદાની ૨૪મી પહેડી મુંબઈ મુકામે શુક્રવાર, તા. ૨૩–૩–૨૦૧૨ ના ગુડીપડવાના શુભદિવસે મહાકવિ કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ) માં રાખેલ છે.

સમય : સાંજના ૪.૩૦ કલાકે

**લાલપુર મધ્યે આયોજીત ત્રિહાન્હિકા મહોત્સવમાં નીચે પ્રમાણે આદેશો આપવામાં આવશે.**

પ્રથમ નાના દેવાલયમાંની પ્રતિમાજી
વિરોજીની મૂર્તિની સ્થાપના
પાતોજીની મૂર્તિની સ્થાપના

મુખ્ય દેવાલયની જમણી બાજુમાં
શ્રી ગણેશજીની સ્થાપના

દ્વિતીય નાના દેવાલયમાં
નવગ્રહના આદેશ (નવ આદેશ)

મુખ્ય દેવાલયની ડાબી બાજુમાં
શ્રી સચ્ચાઈ માઁ ની સ્થાપના



**તા. ૪/૪/૨૦૧૨ ના કાર્યક્રમની ઉછામણી**

- કુંભ સ્થાપના
- માણેક સ્તંભ રોપણ
- દિપક સ્થાપના તથા જ્વારારોપણ
- નવગ્રહ પાટલાપૂજન
- શ્રી દશ દીક્પાલ પૂજન
- શ્રી ક્ષેત્રપાલ પૂજન
- શ્રી ભગવતી મહાપૂજન



**લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ યોગ્ય સ્થાને આલેખવામાં આવશે.**

૨૪મી પહેડીનો લાભ

**માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવારે લીધેલ છે.**

(લાખણીયા – હાલ વડાલા)

**લિ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

॥ જય શ્રી ભલારાદાદા નમઃ ॥

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

## લાલપુર મધ્યે શ્રી ભલારાદાદા દેવસ્થાને દેવી દેવતાઓની પ્રતિમા પ્રતિષ્ઠાના ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે

## સ્નેહભર્યું આમંત્રણ

**કચ્છ હાલાર દેશનો મહિમા ન્યારો, જ્યાં વસે છે ભલારાદાદા, હાલો સૌ સાથે મળીને જઇએ, કરવા દેવીદેવતાઓની પ્રતિષ્ઠા**

શ્રી ભલારાદાદાના ભાવિકો જોગ,

હાલાર દેશની ધરતી પર શ્રી ભલારાદાદાના સ્થાનકે, લાલપુર મધ્યે દેવાલયમાં નૂતન દેવી / દેવતાઓની પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગે સવંત ૨૦૬૮ ચૈત્ર સુદ ૧૩, ૧૪, ૧૫ (તા. ૪, ૫, ૬ એપ્રિલ ૨૦૧૨) ત્રિહાન્હિકા મહોત્સવનું સુંદર આયોજન સંગીત સહ વિધિ વિધાન સાથે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ શુભ પ્રસંગે આપ સહુ ભાવિકોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પાવન નિશ્રા : પ. પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મ.સા.**

**સંગીતમય કાર્યક્રમ : ચેતના હરિયા અને સાથી કલાકારો**

### ત્રિહાન્હિકા મહોત્સવ પ્રતિષ્ઠા કાર્યક્રમ

| | |
|---|---|
| **પ્રથમ દિવસ (તા. ૪–૪–૨૦૧૨) ...:** | **સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ ૧૩, બુધવાર** |
| સવારના ૭.૩૦ ............: | શ્રી કુંભ સ્થાપના / માણેક સ્તંભ રોપણ |
| ............: | શ્રી દિપક સ્થાપના |
| ............: | શ્રી નવગ્રહ પાટલા પૂજન / શ્રી દશ દીકપાલ પૂજન |
| ............: | શ્રી ક્ષેત્રપાલ પૂજન |
| બપોરે ............: | શ્રી ભગવતી મહાપૂજન |
| સાંજે ............: | શ્રી ભલારાદાદાની આરતી ને પાઠ |
| રાત્રે ............: | અભિષેકની બોલી અને ભક્તિ ભાવના |
| **દ્વિતીય દિવસ (તા. ૫–૪–૨૦૧૨)..:** | **સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ ૧૪, ગુરૂવાર** |
| સવારે ............: | મહાવીર જયંતી નિમિત્તે મહાવીર સ્વામી ભગવાનનો વરઘોડો |
| ............ | અને નૂતન મૂર્તિઓની રથયાત્રા લાલપુર ગામે જશે. |
| ............: | શ્રી નૂતન મૂર્તિઓને પોખાણાં કરાવી વિધિસ્થાનકમાં પ્રવેશ |
| ............: | શ્રી નૂતન મૂર્તિઓ – કળશ આદિના અભિષેક |
| બપોરે ............: | ચંડીપાઠ અને હવન |
| સાંજે ............: | શ્રી ભલારા દાદાની આરતી અને પાઠ |
| રાત્રે ............: | શ્રી મહાવીર સ્વામી ભગવાન, મહાકાલી માઁ અને ભલારાદાદાની ભક્તિ ભાવના |
| રાત્રે ............: | શ્રી નૂતન મૂર્તિઓના અધિવાસના વિધાન |
| **તૃતીય દિવસ (તા. ૬–૪–૨૦૧૨) ..:** | **સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ ૧૫, શુક્રવાર, પ્રતિષ્ઠાદિન (ચૈત્રી પૂનમ)** |

**પુરૂષોએ સફેદ વસ્ત્ર અને સ્રીઓએ ઘરચોળા પરિધાન કરવા.**

| | |
|---|---|
| સવારના ૭.૩૦ કલાકે પ્રતિષ્ઠા............: | આહવાન તથા શાંતિ વિધાન પૂજન |
| ............: | નૂતન મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા અને સ્થાપના |
| ............: | કળશ સ્થાપના પ્રતિષ્ઠા – અષ્ટકારી પૂજા – થાળ ધરાવવો. |
| ............: | અલંકાર ધારણ કરાવવા. |
| ............: | ચૈત્રી પુનમના દર વર્ષ મુજબની ઉછામણીઓ મુખ્ય ધ્વજા સહિત |
| ............: | ઉછામણીનો આદેશ આપી દેવાલયની ધજા ચડાવવામાં આવશે. |
| ............: | આરતી–પહેડી પ્રસાદ ધરાવવો. |
| બપોરે ............: | શ્રી ભલારદાદાનો ભંડારો (પ્રસાદ) |
| સાંજે ............: | શ્રી ભલારા દાદાની સમૂહમાં દીવડાની મહાઆરતી અને સમૂહ પાઠ |
| રાત્રે ............: | ભક્તિ ભાવના દરમ્યાન ઉદ્‌ઘાટનના આદેશો આપવામાં આવશે. |
| **ચતુર્થ દિવસ (તા. ૭–૪–૨૦૧૨) ..:** | **સવંત ૨૦૬૮ ચૈત્ર વદ ૧ શનિવાર, સવારના : દ્વાર ઉદ્‌ઘાટન** |

**પૂજાઓ તથા આરતી ઈત્યાદિના ચઢાવાની બોલી જે તે દિવસના આગલા દિવસે બોલાવવામાં આવશે.**

**નિમંત્રણ નથી આ શબ્દોનું, છે હૈયા કેરો સાદ, પધારજો સહુ ભાવિકો હોંશથી, સુણી દાદાનો સાદ.**

લિ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુરના ટ્રસ્ટીઓના બહુમાનપૂર્વક જય ભલારા.

Arihant Prints : 93236 48398

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

## સંચાલિત - ''જીવન-સંધ્યા''

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

## તા. ૧-૧૦-૨૦૧૧ થી ૩૧-૧૨-૨૦૧૧ સુધી આવેલ ફાળાઓ

અનુમોદના

### નિભાવ ફંડ

₹ ૧૧૧૧૧/- માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી વેરસી લોડાયા પરિવાર (આરીખાણા) તથા મા ઓમ પરિવહન મુલુંડ, હ. સોમચંદ વેલજી લોડાયા
₹ ૧૧૦૦૦/- સ્વાતંત્ર્ય સેનાની શ્રી રાઘવજી ધનજી નાગડા સાંધાણ. હ. મણીકાન્ત ઠાકરસી લોડાયા (મુલુંડ)
₹ ૫૫૫૫/- શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગાંધીધામ મોટી સીંધોડી હ. સૌ. સીમાબેન લબ્ધીકુમાર મોમાયા
₹ ૭૨૦૦/- શ્રી મણીલાલ ઠાકરસી ગોગરી, પત્રી (હુબલી) ૧ વર્ષ લવાજમ
₹ ૩૦૦૦/- શ્રી ખીમજી લીલાધર વીરા, દેવપુર (ગદગ) ૫૦ કીલો મગ.
₹ ૩૦૦૦/- શ્રી નવિનચંદ હેમરાજ નાગડા, શેરડી (ગદગ) ૫૦ કીલો મગ.
₹ ૨૫૦૦/- શ્રી જયંતિલાલ લધુભાઈ મોમાયા, વરાડીયા (બેંગલોર)
₹ ૨૦૦૦/- અ.સૌ. આરતીબેન દીપક શાહ, (ઘાટકોપર) શ્રીમદ્ રાજચંદ્ર
₹ ૧૦૦૧/- શ્રી પ્રતાપ વેલજી (ખોના) પાલાણી, કોઠારા (મુંબઈ)
₹ ૧૦૦૦/- શ્રી જીમ્પેશ હિંમતલાલ ખુથીઆ હ. માનવ જ્યોત મુલુંડ

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ₹ ૧૯,૫૦૧/-

■ શ્રીમતી કિશોરી રાયચંદ (માડણ) લોડાયા કુવાપધર (મુલુંડ) સ્વ. શ્રી રાયચંદ વેલજી (માડણ) લોડાયાની પૂણ્ય સ્મૃતિ માં

### કાયમી મિષ્ટાન ભોજન - ₹ ૧૦,૦૦૧/-

■ મયુરી જયંત નાગડા (શાહ), તેરા (કાંદીવલી) હ. ગુણવંતી, બીજલ, હીતેન
■ શ્રી કિશોર શીવજી મોતા, લાલા (મુલુંડ) માતુશ્રી મણીબાઈ શીવજી મોતા ની પુણ્ય સ્મૃતિ માં
■ શ્રી જીતેન્દ્રભાઈ મણીલાલ સરવૈયા ભાવનગર, શા દામજી માલસી લાલકા બાંઢિયા (ગદગ) સૌ. રેખા જી. સરવૈયા ની પુણ્ય સ્મૃતિમાં
■ શ્રીમતિ મણીબેન પ્રવિણચંદ્ર મોમાયા, મોટી સીંધોડી (મુંબઈ) સ્વ. શ્રી દામજી જેઠાભાઈ દંડ, સુથરી ની પુણ્ય સ્મૃતિમાં

### કાયમી સવારનું સાદું ભોજન - ₹ ૭૫૦૧/-

■ શ્રી ખીમજી આણંદજી લોડાયા, બાંઢીયા (અમદાવાદ) હ. જયેશભાઈ

### કાયમી સાંજનું સાદું ભોજન - ₹ ૫૦૦૧/-

■ શ્રીમતી કસ્તુરી ખીમજીભાઈ લોડાયા, બાંઢીયા (અમદાવાદ) સ્વ. શ્રી ખીમજીભાઈ ની પુણ્ય સ્મૃતિ માં

### કાયમી સવારનો ચા-નાસ્તો - ₹ ૩૦૦૧/-

■ શ્રીમતી હેમલતાબેન હિમતલાલ ખુથીઆ હ. માનવ જ્યોત મુલુંડ
■ શ્રીમતી નવલબાઈ રાયચંદ મોતા, કોઠારા. હ.મધુકર રાયચંદ મોતા (ડોંબિવલી)
■ શ્રી પ્રતાપ વેલજી પાલાણી (ખોના) કોઠારા (મુંબઈ) શ્રીમતી વનીતાબાઈ વેલજી પાલાણીની પૂણ્ય સ્મૃતિ માં
■ શ્રીમતી વીમલા રાયચંદ શીયાલ, દલતુંગી (બોરીવલી) શ્રી ધારશી ખીમજી શીયાલની પૂણ્ય સ્મૃતિ માં
■ ભુવન - ટીના ગીરીશ લાપશીયા (દિશાઈ) સાંયરા (રાયચુર)

### કાયમી બપોરની ચાય - ₹ ૧૫૦૧/-

■ શ્રી રતીલાલ હીરજી છેડા, નલીયા (ગદગ)
■ શ્રી પ્રતાપ વેલજી પાલાણી, કોઠારા (મુંબઈ)
■ શ્રીમતી ભાવીની જમ્પેશ ખુથીઆ, હ. માનવ જ્યોત ટ્રસ્ટ

### સાધર્મિક ભક્તિ મિષ્ટાન ભોજન - ₹ ૧૦૦૦/-

■ એક સદ્ગૃહસ્થ હ. વિપુલ નરેન્દ્ર લુઠીયા (ગદગ)
■ શ્રી પ્રમેશ જી. જોષી (ગદગ) પંડિત ભીમસેન જોષી (ગાયક) પરિવાર
■ શ્રી પ્રતાપ ગોવિંદજી વીકમસી, યલવીગી (રાણપુર) હ. શ્રીમતી શીલ્પા લાલકા
■ શ્રી હરિશ શીવલાલ મુનવર, જખૌ (ગદગ) જન્મ દિવસ નિમીત્તે
■ શ્રીમતી જેઠીબાઈ ખીમજી લીલાધર વીરા પરિવાર (ગદગ), હ. શ્રી મહેન્દ્રભાઈ
■ શ્રીમતી મંજુલાબેન સુરેશ ધરમશી, નલીયા (મુંબઈ) શ્રીમતી રૂપલ દીપય સાવલા, નાનાભાડીઆ (મુંબઈ)
■ શ્રીમતી કુંવરબાઈ હીરજી છેડા, જસાપર (સુરત)

**સંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન અને આભાર**

**સંસ્થાને ફાળો નીચે મુજબ ના બેંકના ખાતામાં જમા કરી, નામ નોંધાવી શકાય છે.**

**શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મૈશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ**
**HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762**
**CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511**

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુકિતને પાત્ર છે**

**મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા-09820039469, શ્રી રાયચંદ હંશરાજ ધરમશી-09820084867**




## અંગ્રેજી ભાષા જરૂરી

આપણી ભાવિ પેઢી માટે અંગ્રેજીનું ચલણ વધતું જાય છે. ફોન, મોબાઈલ, નેટ, કોમ્પ્યુટર વગેરે થકી રોજીંદી ભાષામાં અંગ્રેજી વધુ વપરાય છે. ભાષા આપ-લેની સરહદો વિસ્તરતી રહે છે. એટલે સમય મુજબ માતૃભાષા ઉપરાંત વ્યવહારુ થવા અંગ્રેજી પણ અપનાવવું જોઈએ.

*હૈદ્રાબાદ ૮-૨-૧૨* **- ભદ્રીચંદ મોતા**

## જ્ઞાતિપત્રને અભિનંદન

હમણા જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ ક.દ.ઓ. પ્રકાશ-સમીક્ષામાં જ્ઞાતિ સંસ્થા, મહાજનો, મંડળો, દેરાસરજી અને સામાજીક પ્રસંગો વગેરેના થયેલ કાર્યક્રમનાં અહેવાલો વિસ્તારપૂર્વક છાપવામાં આવે છે. સાથે સાથે તેના ચાર પાના (પહેલા બે અને છેલ્લા બે પાના) ભરીને રંગીબેરંગી કલરમાં નીચે લખાણ સાથે ફોટા પણ છાપવામાં આવે છે.

આ ફોટા સાથે લખાણ તેમજ વિસ્તૃત અહેવાલના વાંચનથી જાણે એમ લાગે છે કે અમો ખરેખર આ કાર્યક્રમમાં હાજર છીએ. આ આનંદની અને પ્રશંસનીય વાત છે. તે બદલ સંસ્થાને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા છે. આ પ્રમાણેના ફોટા સાથે વિસ્તૃત અહેવાલ ભવિષ્યમાં પણ આપતા રહેશો એજ અભિલાષા.

સાથે સાથે પહેલા/છેલ્લા પાના પર જ્ઞાતિને ગૌરવ અપાવનાર ભાગ્યશાળીઓના ફોટા સાથે વિસ્તૃત માહિતી છાપવામાં આવે છે તે જ્ઞાતિ માટે અત્યંત ઉપયોગી માહિતી પુરી પાડે છે. એ બદલ હાર્દિક અભિનંદન.

*વડાલા ૧-૩-૧૨* **- ઉત્તમચંદ લ. લોડાયા**

**"પાલવ"ની બાંધણી અને વસ્ત્રપરિધાનની વણઝાર**
**તાંતણે તાંતણે કચ્છીયતનો ધબકાર...**

**• બહુરંગી બાંધણી • ભભકાભર્યા ઘરચોળા • ચણીયા ચોલી • ડ્રેસ મટીરીયલ્સ • ડિઝાઈનર બ્લાઉસ સ્ટીચીંગ અને કલાત્મક એમ્બ્રોઇડરી અમારી વિશેષતા**

**પાલવ**

શોપ નં.૧, ઓ વિંગ, વર્ધમાનનગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન 25616842 / 25906287
Email : contact@palav.com website : www.palav.com
(રવિવારે વિશ્રામ)

## જાહેરાતો અંગે સૂચનાઓ

*સૌ જ્ઞાતિજનો અને મહાજનો/સંસ્થાઓને વિનંતિ કે*

*૧. જાહેરાતો કે ફોટાઓ ઈત્યાદિ પ્રકાશિત કરવા માટે કોઈ ચોક્કસ અંક / ચોક્કસ જગ્યા માટે આગ્રહ કરવો નહીં.*

*૨. શ્રધ્ધાંજલિ, પુણ્યતિથિ કે અભિનંદનને લગતી જાહેરાતો માટે પણ કોઈ ચોક્કસ અંક કે ચોક્કસ સ્થાન માટે આગ્રહ કરવો નહીં.*

*૩. કોઈ પણ જાહેરાતો માટે કોઈ ચોક્કસ અંક કે પાનાની આગોતરી નોંધણી (બુકીંગ) કરવા માટે પણ આગ્રહ કરવો નહીં.*

*૪. જ્ઞાતિના દેરાસરજીઓ, મહાજનો, મંડળો ને સંસ્થાઓનાં સંપન્ન થયેલ કાર્યક્રમો, ઉત્સવો કે સમારંભોના અથવા જ્ઞાતિ ગૌરવની વિશેષતાઓ અંગેનાં ફોટાઓ/બાબતોનો કલર પેજ પર સમાવેશ કરવા પ્રથમ પસંદગી અપાય છે.*

*૫. શ્રધ્ધાંજલિ, અનુમોદના કે અભિનંદનને લગતી વધારાની કે રીપીટ થતી એકની એક વ્યક્તિ માટેની જાહેરાતો અંગે વધારાના ચાર્જીસ લેવાય છે પરંતુ તેવા પ્રકારની એક વ્યક્તિની રીપીટ જાહેરાતો પ્રકાશિત કરવાને બદલે સંસ્થાઓ/મહાજનોની પ્રવૃતિઓના સમાચારો, લેખો કે જ્ઞાતિજનોની કૃતિઓ પ્રકાશિત કરવા પર પ્રાધાન્ય અપાશે તેથી આવી રીપીટ જાહેરાતો તાત્કાલિક કે ઉપરાઉપરી નહી પણ છપાય.*

*૬. પુણ્યતિથિ કે જન્મદિન અંગેની જાહેરાતો તે તારીખની આસપાસના અંકમાં છાપવા આગ્રહ રખાય તે સમજી શકાય છે પરંતુ તેની જાહેરાત સંબંધિત અંકના કલર પેજ પર જ લેવાનું શક્ય ન પણ બને તેથી તેનો તે સંબંધિત અંકના બ્લેક એન્ડ વાઈટ પેજ પર લેવાનો ફેરફાર કરી શકાશે.*

## અંતરભીની અંજલિ

પ્રિય મિત્ર **સ્વ. દામજી નરશી દંડ** (સાંધવ-ભાંડુપ)
અરીહંતશરણ : ૨૦-૩-૨૦૦૯



જીવનભર દોસ્તી નિભાવવાની કરી હતી વાત,
છતાં અધવચ્ચે તું ચાલી નીકળ્યો મૂકી મુજ સાથ
હે પ્રભુ તને સુઝી કેવી આ ક્રૂર મજાક
માત્ર મારો દોસ્ત નહીં પણ લૂંટી લીધું હાર્દ !
મારા દીલોજાન દોસ્તને મારી અશ્રુભીની અંજલિ.

**ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ-મુલુન્ડ)

# કન્યા વિદાય

**ધીરે રે છેડો રે ઢોલી ઢોલકા**
**એક વેલથી પાન પીંખાઈ રે ગયું**
**મંગલ ટાણાની મેંદીને પીસતાં પીસતાં**
**એના ટહુકા જરી તો જડી ના રહ્યાં**
**મન પીંખાઈ રે ગયું**

દાદાની વાડીનો એ ટહુકાર વિદાય લઈ રહ્યો હતો. એક બાજુ ધીમા ધીમા સૂરે વાગતી શરણાઈ હૃદયની લાગણીઓના તંતુને ઝણઝણાવી રહી હતી. બીજી બાજુ કન્યાના વિદાયગીતના એ લાગણીથી નીતરતા ભાવવાહી સૂરે ગવાતા શબ્દો. એ શબ્દો કાને પડયા.

**રોકો રે બેનાને રોકો કોઈ એને રોકો.**
**રોકી ના રોકાય મા કેવી સગાઈ**
**કે મહિયરની માયા મૂકી બેની ચાલી સાસરિયે,**
**સાસરે જાય રે નમણું તે ઘરનું રૂપ સાસરે જાય રે**
**અણમૂલ અવસર આંગણીએ**
**ત્હોય માની આંખે આંસુની ધાર**
**સાસરે જાય રે, નમણું તે ઘરનું રૂપ.**

અને હું ઘડીભર સંસારની આ ઘટમાળ અંગે વિચારતી વિચારતી અતીતમાં ખોવાઈ ગઈ.

દીકરી જન્મે ત્યારે 'લક્ષ્મી પધાર્યા' કહી તેને વધાવી લઈએ. ઊંડે ઊંડે દીકરા માટેની ઈચ્છા હોય તોય 'પહેલા ખોળાની લક્ષ્મી સારી કહી તેને આવકારીએ. ઈશ્વર માબાપ પર વિશ્વાસ મૂકી બાળક જેવી મહામૂલી ભેટ તેને આપે છે. માના હૃદયમાં ઈશ્વરે મમતા મૂકી તેને ધન્ય બનાવી દીધા છે. રાત-દિવસ, ભૂખ-તરસ કે ટાઢ-તડકો કશું જ જોયા વિના તે પોતાના હૃદયના ટુકડાની જેમ તેનું જતન કરે છે. અરે ! ઘડી વાર પણ એ તેને આંખથી અળગી કરી શકતી નથી. દીકરી તો એનું પોતાનું સર્જન. એની રગેરગમાં એનુ પોતાનું લોહી ધબકી રહ્યું હોય. એને હૃદયથી અળગી શી રીતે કરાય !

અને છતાંય એ મોટી થાય એટલે એને યોગ્ય પાત્ર શોધી તેને સાસરે વળાવવાની ચિંતામાં પડે. કયારેક તો ચેનથી ઊંઘી પણ ન શકે અને જ્યારે યોગ્ય પાત્ર મળે ત્યારે તેના આનંદને કયાંય અવધિ ન રહે. લગ્નની તૈયારીઓ ચાલુ થાય. કેટકેટલી ઝીણવટ ! દીકરી જન્મી ત્યારથી પળે - પળે તેનું જીવની જેમ જતન કર્યું છે. હવે પારકે ઘેર વિદાય કરીશું ત્યારે ! ત્યાં મારી એ લાડકડી દીકરી મૂંઝાશે તો નહીં ને ! કરમાશે તો નહીં ને ! માનું હૃદય સતત ઉચાટ અનુભવે છે. આટલી મોટી કરી અંતરનાં અમી પાઈને પાળીપોષીને આવડી મોટી કરી. હવે તેને પારકાને સોંપી દેવાની ! જીવ કેવી રીતે ચાલે?

અરે ! આપણી મનગમતી એકાદ નાની ચીજ કોઈ આપવાની આવે તો આપણું મન માને છે ખરું? ત્યારે આ તો દીકરી. આપણે માટે વહાલનો દરિયો, આપણા દિલનો ટુકડો, એને બીજાને સોંપતાં માબાપના હૃદયની શી પરિસ્થિતિ થતી હશે !

પેલા વિદાયગીતના શબ્દો :

સાચો સાસરિયાનો સંગ પુણ્ય સ્વરૂપ છે સાસુ ને
પરમેશ્વર છે કંથ જુગ જુગ તપે તારો સોહાગી ચાંદલો
ને કંથ સોહાગી સોહાય...

માના હૃદયની આ કેવી શુભભાવના, કેવી શીખ, ઘડી પહેલાં જે માંડવો આનંદમંગળથી ગાજી રહ્યો હતો એ પળભરમાં જાણે સૂમસામ બની ગયો. વિદાય લેતાં દીકરી બાપુને ખભે માથું મૂકી રડે છે. માને ગળે વળગી ડૂસકાં લે છે. ભાઈભાંડુ અને સહિયરોને વળી વળી ભેટીને વસમી વિદાય લે છે. વાતાવરણ આખું ય ભારેખમ અને ગમગીનીભર્યું બની જાય છે.

કન્યાદાન જેવું ઉત્તમ તો એકેય કાર્ય નથી, તમે ગમે તેટલી મિલકતનું કે તમારી વહાલામાં વહાલી ચીજનું દાન આપો, અરે ! કર્ણ દાનેશ્વરી યે કેમ ન બની શકો ! પણ દીકરીનું દાન દેવું એ કંઈ નાનોસૂનો ત્યાગ નથી. હૃદય કેટલું વિશાળ હોય ત્યારે જ હૃદયના ટુકડાનું એ દાન દઈ શકાય ! દીકરીની વસમી વિદાય વેળાએ વાતાવરણ આખું જ ગમગીન બની ગયું હતું. સૌની આંખમાં આંસુ હતાં, સૌનાં મોં પર હૃદયનું દુ:ખ ડોકાતું હતું. પણ એ બધું હોવા છતાં મારી દષ્ટિએ તો કંઈક જુદું જ નિહાળ્યું. મારાં આંતરચક્ષુ સમક્ષ તો દીકરીનાં મા અને બાપનાં દરિયા જેવા વિશાળ દિલની જ ઝાંખી થતી હતી. તૃષાતુર ધરતી પર વરસી વરસીને શુભ્ર બની ગયેલી વાદળીઓ કેવી હળવી ફૂલ લાગે છે ! તેવી જ ઝાંખી મને એ માબાપ બંનેનાં હૃદયમાં થતી લાગી.

દીકરી છૂટી પડે તેનું દુ:ખ કોને ન હોય ! પણ સુપાત્રને પોતાની વહાલી દીકરીનું દાન આપીને ધન્યતા અનુભવતાં, પ્રસન્નતા પામતાં એ માબાપને જોઈ મારું મન, મારું શિશ તેમને માટે આદરથી નમી પડયું.

આમેય દાન લેનાર કરતાં દાન દેનાર જ હંમેશા મહાન હોય છે. દાન લેનારનો હાથ હંમેશાં નીચો હોય ત્યારે દેનારનો હાથ હંમેશાં ઊંચો જ રહે છે. દીકરીનો બાપ તો કર્ણ દાનેશ્વરી કરતાંય મહાન છે. એનું સ્થાન નીચું હોઈ જ કેમ શકે ! કન્યાદાન જેવું એકેય ઉત્તમ દાન નથી. અને વિદાય થતી દીકરીને અંતરના આશિષ, એથી મહાન એકકે ય ભેટ નથી.

હોજો સદા સુખ, શાંતિ ને વૈભવ તમારા સાથમાં
હોજો સદા જ્યોતિ ભલે જલતી તમારા રાહમાં
હોજો સદાય સ્નેહની સોડમ તમારા હાર્દમાં
હોજો સદા મંગલ બધા અવસર તમારા માર્ગમાં
મંગલ હોજો તુજ ભાવના મંગલ હોજો તુજ કામના
મંગલ તારા જીવનમાંહી મંગલ હોજો તુજ સાધના

કન્યાવિદાયનો એ વસમો પ્રસંગ પણ હૃદયની ભાવનાથી ભર્યો ભર્યો અને ભવ્ય બની ગયો. મનમાં કયાંય વિષાદને સ્થાન ન રહ્યું. કન્યાને વિદાય. આપતાં એ માતાપિતા મને કર્ણ દાનેશ્વરી કરતાં ય અધિક મહાન લાગ્યાં ને આખો ય પ્રસંગ ધન્ય બની ગયો.

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજન જનસંપર્ક અભિયાન

જ્ઞાતિ સમસ્ત મહાજનના ઉપક્રમે જ્ઞાતિ મહાજનો સંસ્થાઓ અને જ્ઞાતિજનોને મળી જ્ઞાતિવિકાસના કાર્ય માટે પૃષ્ઠભૂમિકા રચવાના હેતુસર જનજાગરણરૂપે સંપર્ક અભિયાનનાં તૃતિય ચરણમાં જામનગર મહાજન દ્વારા ત્યાં સ્થાનિકે તા.૨૪-૩ નાં રાત્રે ૯ વાગે અને અમદાવાદ મહાજન દ્વારા ત્યાં સ્થાનિકે તા.૨૫-૩નાં સાંજે ૪ વાગે જનસંપર્ક બેઠકો યોજી છે. આ બન્ને કાર્યક્રમમાં એ પરિસરના સર્વે જ્ઞાતિજનોને સહભાગી થવા આમંત્રણ છે.

### મુંબઈ મહાજન દ્વારા એપ્ટીટ્યુડ ટેસ્ટ

મુંબઈ મહાજનની એજ્યુસપાર્ક સમિતિ દ્વારા જ્ઞાતિના ધો.૯થી ૧૨નાં છાત્રો માટે તા.૨૨-૪-૧૨ના સવારે ૮.૩૦ થી ૧ દરમ્યાન એપ્ટીટ્યુડ ટેસ્ટ ગોઠવવામાં આવશે. જેના અરજીપત્રક મહાજન કાર્યાલય, વિદ્યાર્થીગૃહ, ગૃહઉદ્યોગ કેન્દ્રો અને મંડળોના કાર્યાલયેથી મેળવીને રૂા.૧૦૦ડીપોઝીટ સાથે તા.૧૦-૪-૧૧ સુધીમાં ભરી મોકલવા જણાવાયું છે.

### બજેટ-૨૦૧૨ની મીટીંગ

શ્રી ક.દ.ઓ. સી.એ. એસો. દ્વારા દર વર્ષ પ્રમાણે કેન્દ્રીય બજેટ અંગેની મીટીંગ રવિ. તા.૨૫-૩-૧૨ના બપોરે ૩.૩૦ કલાકે કે.જે. સૌમૈયા કોલેજ-વિદ્યાવિહારના ઇન્સ્ટીટ્યુટ મેનેજમેન્ટ સભાગૃહમાં યોજાઈ છે. સભાના પ્રમુખપદે શ્રી કમલેશ વિકમશી રહેશે. અને અતિથીવિશેષ શ્રી. હીરાચંદ દંડ (મધુ એન્ટરટેઇન્ટમેંટ) ઉપસ્થિત રહેશે.

આવકવેરા સુધારા વિષે સીએ જસ્મીન શાહ અને ધારીણી શાહ, સર્વિસટેક્સ વિષે શ્રી રાજીવ લુઠીયા અને બજેટની શેરબજાર પર અસરો વિષે શ્રી રવિન્દ્ર ઘરમશી રજુઆત કરશે. હાલમાં CA, PII, PC, PCI, IPCC કે CS-ICWA આદિ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનારા જ્ઞાતિછાત્રોએ નામ નોંધાવવા જેથી તેમની નોંધ લઈ બહુમાન કરી શકાય.

સંપર્ક : શ્રી રાજીવ લુઠીયા-022-25641553, 09821143524, email : rajiv@rgl.co.in કાર્યક્રમ બાદ અલ્પાહાર રહેશે. સર્વે રસિકોને આ ઉપયોગી સભામાં હાર્દિક આમંત્રણ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

વ.પ. સમિતિની બેઠક રવિ. તા.૮-૪-૧૨ના સવારે ૧૦ વાગે પદમભુવન, ૧લે માળે, નહેરૂ રોડ, મુલુન્ડ (વે)માં મળશે. જેમાં ગતવર્ષના આવકજાવક હિસાબો, આગામી વ.પ.ની માહિતી, વ.પ. તથા તેની વેબસાઇટના બજેટની રજુઆત કરી નિર્ણય લેવા અને વ.પ.માં ન નોંધાયેલ માહિતીઓ માટે સમિતિની રચના કરવા વિચારણા થશે. સભાનાં અંતે દરેક એકમને તેમના કાર્યક્ષેત્રના ૮મા વ.પ.નાં ફોર્મ સુપ્રત થશે.

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - પુના

તા.૨૬-૨-૧૨ના સંઘ દ્વારા "સંગીત સંધ્યા" યોજાયેલ. જેમાં પુનાના જાણીતા "સુરાવલી" ગ્રુપનાં શ્રીમતી બિંદુબેન શાહ અને સાથીઓ દ્વારા લોકપ્રિય ગુજરાતી ગીતોની મહેફિલ જામી, આ પ્રસંગે પુનાના જ્ઞાતિજનો ઉપરાંત ઇતર કચ્છી અને ગુજરાતી સમાજના સંગીતપ્રેમીઓ હાજર રહ્યા હતા.

"તારી આંખનો અફીણી તને જતાં જોઈ પનઘટની, પંખીડાને આ પીંજરું, નઝરના જામ છલકાવીને, ખોબો ભરીને, નયનને બંધ રાખીને, કસુંબીનો રંગ"... વગેરે જુના લોકપ્રિય ગુજરાતી ગીત-સંગીતના વૈવિધ્યસાથે રસિકજનોએ દાદ આપી આપી કાર્યક્રમ માણ્યો. કાર્યક્રમમાં કચ્છી ગીત અને ગુજરાતી ગરબાઓની રમઝટ પણ જામી.

સંઘ તરફથી આવકાર, સુત્ર સંચાલન અને




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

આભારવિધિ શ્રીમતી શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘાએ કરી હતી. આ ઉપરાંત કાર્યક્રમને અનુરૂપ સ્ટેજની સુંદર સજાવટ શ્રીમતી કલ્પના દુષ્યંત લાપસિયા, શ્રીમતી દિનલ હર્ષલ ઘરમશી અને કુ. મહિમા મહેન્દ્ર લોડાયાએ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા સંઘના સભ્યો શ્રીમતી શ્વેતાબેન ડાઘા, શ્રી દુષ્યંત લાપસિયા, શ્રીમતી રીટાબેન ભાટે અને શ્રી હિરેન મોમાયા ઉપરાંત અન્ય કાર્યકરો હેમલ લોડાયા, શ્રી વૈભવ લોડાયા, શ્રી ધવલ દંડ વગેરે એ સારી જહેમત લીધેલ.

અંતે જ્ઞાતિજનો ઉપરાંત અન્ય કચ્છી-ગુજરાતી સંગીતપ્રેમીઓએ પણ આવા યાદગાર કાર્યક્રમના આયોજન માટે સંઘની અનુમોદના કરી હતી.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ-અમદાવાદ

મંચ તરફથી તા.૩-૩-૧૨ના બસ દ્વારા શંખેશ્વર યાત્રા યોજાયેલ. ૫૫ બહેનો યાત્રામાં જોડાયેલ. સવારે બસદ્વારા નીકળી નવકારશી ઘાકડી મુકામે કરી માંડલ, પંચાસર, દસાડા દર્શન કરીને શંખેશ્વર બપોરે પહોંચ્યા. દેવદર્શન, સેવાપૂજા કરીને પાછા અમદાવાદ તરફ રવાના થયેલ. પાછા વળતાં હાલારી ધર્મશાળા જોઈ અને પાવાપૂરીના દર્શન કર્યા.

નવકારશીનાં દાતા શ્રીમતિ મંજુલાબેન મોતા તરફથી પૌત્રી સાનવીના જન્મદિવસ નિમિતે બપોરનું જમણ : શ્રીમતિ લીલાવંતીબેન ભારાણી (ખોના) તરફથી અને ચૌવિહાર : શ્રીમતિ વિજયાબેન ખોના એમના નવા ઘરની ખુશાલી નિમિતે હતું.

બસમાં સવારનાં ૧૦૮ સમુહ જાપ કરવામાં આવેલ. જેમાં ૯ લક્કી ડ્રો કઢાયા ઇનામનાં દાતા શ્રીમતિ દમયંતીબેન ખીમચંદ ઘરમશી અને દિવ્યાબેન છેડા રહેલ. બે ધાર્મિક ગેમો મીરા ઘરમશીએ રમાડી જેનાં ઇનામનાં દાતા શ્રીમતિ દમયંતીબેન ઘરમશી હતા. ધાર્મિક ગેમના ઇનામ દિપાબેન લોડાયા તરફથી અપાયેલ.

દરેક યાત્રિકના ઘરદીઠ ફોલ્ડીંગ થેલાની પ્રભાવના કરવામાં આવેલ. યાત્રિકો અને સૌજન્ય દાતાઓનો મંચ આભારી છે.

## બેલ્લારી ગુજરાતી સમાજ

મંડળની બેઠક શ્રીમતી બીનાબેનના ઘરે રાખવામાં આવેલ. પ્રાર્થનાગીતથી શરૂઆત થઈ. ગરમીમાં પાણીની પરબની વ્યવસ્થા કરાઈ.

ભાગ્યવંતી નરેન્દ્ર સાવલા તરફથી દોહિત્ર જન્મ નિમિત્તે મંડળને રૂ.૧૦૦૧ની ભેટ મળી, બીનાબેન તરફથી ચેમ્બર ઑફ કૉમર્સમાં નિમણુંક થયા બદલ મંડળને રૂા.૧૦૦ આપેલ. સૌ. ચંદનબેન જનક ખોના તરફથી ૫૦મા જન્મદિવસ નિમિત્તે સૌને સ્વીટ તથા મંડળને રૂા.૧૦૦ ભેટ અપાયેલ. ત્યારબાદ હાઉસી તથા અન્ય ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ સૌ. દીપા શાહ, દ્વિતીય સૌ. ચાર્મી નિખિલ મૈશેરી તથા તૃતીય પુરસ્કાર સૌ. નીતા શરદ મૈશેરીને મળેલ. બીનાબેન તરફથી વિજેતાઓને ઇનામ અપાયા.

## બડગરા જિનાલય ધ્વજા મહોત્સવ

અત્રેના જિનાલયની ૧૩મી વર્ષગાંઠ અને ૧૪મી ધ્વજા ઉત્સવ રૂપે ઉજવાઈ. તા.૨૫-૨નાં ૧૮ અભિષેક તથા રાત્રે મહાકાળીની ભાવના ભણાવાઈ. ૨૬-૨નાં ૧૭ ભેદી પુજા તથા ધ્વજા આનંદ ચડાવાઈ. સંઘ સ્વામીવાત્સલ્ય હતું. રાત્રે આંગી-ભાવના હતા. મુંબઈથી જય જિનાલય આરાધક મંડળે પધારી વિધિવિધાન કરાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-અમલનેર

તા.૨૯-૧-૧૨ના સૌ. જયવંતીબેન જયંતીભાઈ મૈશેરીના નિવાસસ્થાને સમુહ સામાઈક રાખેલ. એમના તરફથી પ્રભાવના અપાઈ. તા.૩-૨-૧૨ના સૌ. દેવિકાબેન સોમચંદ લાલકાના નિવાસસ્થાને સમુહ સામાઈકમાં જાપ રાખેલ. પરિવાર તરફથી પ્રભાવના હતી.

તા.૫-૩-૧૨ના સૌ. લક્ષ્મીબેન કિશોર ગોસર તરફથી સામાઈકમાં તેમના તરફથી પ્રભાવના હતી. ફાગણી તેરશ નિમિત્તે શેત્રુંજય ભાવયાત્રા કરેલ. તા.૨૭-૨-૧૨ના પૂ.સા.શ્રી સમયગુણાશ્રીજી અને શ્રુત્રગુણાશ્રીજી પધારેલ. તેમનો વ્યાખ્યાન વાણીનો સંઘને લાભ મળેલ.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in
॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 1985 25th 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપની સરનામા બુક

સંઘ દ્વારા યુવા પાંખ અને મહિલા પાંખના કાર્યકરોના સથવારે ભાંડુપના જ્ઞાતિ પરિવારોની ડીરેક્ટરી-૨૦૧૨ પ્રકાશિત કરાઈ છે. સાભાર-સ્વીકાર. આ બુકમાં અહીં વસતા જ્ઞાતિ પરિવારોનાં મુખ્યનું નામ, મૂળ ગામ, સરનામું, પરિવાર સભ્યોના નામ, સંબંધ, જન્મ તા. અભ્યાસ, વ્યવસાય, બ્લડગ્રુપ અને ફોન નંબર સંકલિત કરાયા છે.

આ ઉપરાંત ગામ પ્રમાણે મુખ્ય વ્યક્તિ, બીલ્ડીંગ, ફોન નંબરની અનુક્રમણિકા પણ તૈયાર કરાઈ છે.

પ્રારંભે અત્રેના જિનાલયના મૂળનાયક આદિનાથ દાદા, જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથાને વંદન સહ યાદ કરાયા છે. આ સરનામા બુકમાં રંગીન પાના, જાહેરખબરો, કાર્યકરોની નામાવલી, પ્રમુખશ્રીનું સંબોધન અને આ ટીમ આધારસ્તંભ શ્રી કુમારભાઈ દંડનાં માર્ગદર્શન બદલ આભાર અભિવ્યક્તિ કરાઈ છે. મહિલાપાંખની પ્રવૃતિ, શુભેચ્છકોની યાદી, આભાર દર્શન વગેરે છે. બુકના આકર્ષક સુંદર છપાઈ કામ માટે દાતાઓનો સહયોગ નોંધનીય છે. સુઘડ મુદ્રણકાર્ય શ્રી મુકેશ લોડાયા ચિંતન ગ્રાફિક્સ-ઘાટકોપરનું છે. આવી ઉપયોગી સરનામા બુક પ્રવૃતિ માટે સંઘના સર્વે કાર્યકરોને હાર્દિક અભિનંદન. આ પ્રકાશન સૌને ઉપયોગી, સુલભ, માહિતીપ્રદ અને સંપર્ક માટે માધ્યમરૂપ બની રહેશે.

### મુંબઈ મહાજનશ્રી દ્વારા સાધર્મિક સહાયતા

મુંબઈ મહાજનશ્રીના કાર્યક્ષેત્રમાં રહેતા જરૂરતમંદ અને વૃધ્ધ-બિમાર-અપંગ પરિવારો માટે માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ઘરમશી પરિવાર (સુથરી)ના સહયોગે દર મહિને રૂા.૧૫૦૦ની સહાયતા કરવામાં આવશે. નિયત અરજીપત્રકોની નોંધણી કરી આ વ્યવસ્થા અમલી બનશે.

### "પરબ" દ્વારા મસાલા વિતરણ

પરબ શક્તિ સંજીવનીના ઉપક્રમે શ્રી લખ લક્ષ્મી લુઠીયા જન સહાય ફંડ પ્રેરીત મસાલામેળાનું આયોજન અનંતછાયા-ઘાટકોપરમાં તા.૨૧ અને ૨૨-૩-૧૨ના બપોરે ૧ થી ૬ દરમ્યાન ગોઠવાયું છે. જ્ઞાતિ બહેનોએ ખાદ્યપદાર્થ સ્ટોલો અને મસાલા માટે લાભ લેવા વિનંતી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના તા.૨૫-૩-૧૨ના રાતે કલાકે વાસુપુજ્ય જિનાલયે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રીમતી મીરાબેન હિરેન નાગડા (જખૌ) એ લીધેલ છે. એમાં શ્રી અંબાલાલ એન્ડ પાર્ટી પધારશે. આગામી ભાવના તા.૨૯-૪-૧૨ના છે. જેનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી પરિવાર (મોટીસીંધોડી) એ લીધેલ છે.

### શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ કારંજા / મુર્તિજાપુર

મંચની બેઠક તા.૪-૩-૧૨ના સૌ. વિદ્યા દેવાંગ લોડાયાનાં ઘરે મળેલ. જેમાં બે ગેમ રમાડવામાં આવી. ધાર્મિક પ્રશ્નો પૂછવામાં આવ્યા. વિજેતાને ઇનામ અપાયા. આ ગેમમાં વિજેતા સૌ. કોમલબેન દીલીપ લોડાયા, સૌ. રૂપા નંદીશ લોડાયા અને સૌ. દર્શના હરીશ ગોસર હતા. બીજી એક મિનીટ ગેમમાં કોણ સૌથી વધુ અલ્ફાબેટ અને નંબરોની જોડી બનાવે છે. જેમાં પ્રથમ સૌ. કોમલબેન દિલીપ લોડાયા અને બીજા સૌ. રાશી રાહુલ ગોસર આવેલ.

### નૂતન ભાવના મંડળ-જલગામ

મંડળ દ્વારા પ્રથમવાર છગાઉ શેત્રુંજય યાત્રાનું આયોજન કરેલ, જેમાં સંઘના ૮૦ જણાંએ ભાગ લીધેલ. શ્રી લક્ષ્મીચંદ કેનીયા, દિનેશ લોડાયા, કલ્પેશ છેડા, અશ્વીન શાહ, તથા મંડળના સભ્યોએ જહેમત લઈ કાર્યક્રમ સફળ બનાવેલ. જલગામથી તા.૩-૩-૧૨ના ટ્રેન દ્વારા પ્રસ્થાન કરેલ. રાતે ૧.૪૫ કલાકે વડોદરા આવેલ. વડોદરા સમાજે સ્વાગત કરેલ. બસો દ્વારા KDO ભવનમાં રાત્રી રોકાણ કરેલ. તા.૪-૩-૧૨ના સવારના વિમલનાથ દાદાની સેવાપુજા, સમુહ ચૈત્યવંદન કરી નવકારશી કરેલ, શ્રી મોરારજીભાઈના હસ્તે વડોદરા મહાજન પ્રમુખશ્રી ઠાકરશીભાઈનું તથા જલગામનાં પ્રમુખ શ્રી વસંતભાઈ શાહના હસ્તે વડોદરા સંઘના સેક્રેટરી શ્રી રતીલાલ કાનજી ધુલ્લાનું તીલક કરી હાર શ્રીફળ અને શાલથી બહુમાન કરેલ. ત્યાંથી ઓમકાર તીર્થ, વટામણ, અયોધ્યાપુરમ, વલ્લભીપુર, સમુહ ચૈત્યવંદન, દર્શન, સેવા પુજા કરી. રાત્રી રોકાણ સોનગઢ કરેલ. સોનગઢમાં ટ્રસ્ટીશ્રી ચેતનભાઈ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

મોમાયા. અમોને ૧૩ રૂમો ફાળવેલ અને સારી વ્યવસ્થા ગોઠવેલ. વડોદરામાં કાયમી સાધારણ ફંડમાં એક મિતી રૂા.૧૩,૦૦૦ માતૃશ્રી રતનબેન ચત્રભુજ મોમાયા (જલગામ) એ લખાવેલ.

તા.૫-૩-૧૨નાં સવારેના શેત્રુંજય ડુંગરે છગાઉની યાત્રા કરેલ. જેમાં શ્રીમતિ રેખાબેન મોમાયા ઉપવાસ સાથે યાત્રા કરેલ. શ્રી મોરારજીભાઈએ ૮૪ વર્ષની ઉંમરે યાત્રા કરેલ. યાત્રા કરી પાછા ફરતાં રાતે ઓંમકાર તીર્થે રાત્રીરોકાણ કરેલ.

તા.૬-૩-૧૨ના સવારના ૭.૩૦ કલાકે વડોદરા સ્ટેશને નાસ્તો કરેલ. નાસ્તાની વ્યવસ્થા શ્રીમતિ સરલા ઘુલ્લા, રોહીત ઘુલ્લા તથા મનોજ ઘુલ્લા એ સુંદર આયોજન કરેલ. જલગામના પ્રમુખશ્રી વસંતભાઈ શાહે વડોદરા સમાજને જલગામ પધારવા આમંત્રણ આપેલ. મંડળના પ્રમુખ શિલ્પા કલ્પેશ છેડાએ આભાર માનેલ. તેમજ શ્રી ચંદ્રેશ છેડાએ બસની વ્યવસ્થા કરી આપેલ. ટ્રેન ટીકીટો કઢાવી આપેલ.

## બાગલકોટમાં સમુહ વરસીતપ

પૂ.મુનિશ્રી દેવરત્નસાગરજી આ.ઠા.ની પ્રેરણાએ બાગલકોટ અચલગચ્છમાં ૧૧ ઘરોમાં એકસૂત્રતા કેળવી સંઘ કારોબારીની નવરચના કરાઈ રૂા.૭,૫૦૦ની સાધારણ ફંડની ૨૫ તિથીઓ નોંધાઈ. માર્ગદર્શન આપી સંઘ કાર્યોમાં સક્રિયતા લાવી. વિમલ પ્રાસાદે ૧૦૮ સંતિકર અભિષેક કરાયા. ત્રણે સંઘનું સ્વામીવાત્સલ્ય યોજાયું. ગુણ જન્મશતાબ્દિ નિમિતે ૫૦ જણાંએ વરસીતપ પચ્ચખાણ લીધા. નૈનમલ જુઠાજી માંડલા પરિવારે બાર મહિનાના એક ટાઈમ બ્યાસણાની જય બોલાવી. પૂજ્યશ્રી હાલ ગદગ-હુબલી વિસ્તારમાં છે.

## શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા સાધર્મિક સહાય

જ્ઞાતિના શિરમોર શ્રી અનંતનાથ દેરાસરજી ટ્રસ્ટ દ્વારા સમસ્ત જ્ઞાતિ સ્તરે આર્થિકરીતે નબળા પરિવારોને જીવનનિર્વાહ અર્થે નિયત અરજી મંજુર થયેથી આર્થિક સહાયતા કરવામાં આવે છે.

## ધાર્મિક જ્ઞાન પ્રસારણ માટે અનુદાન

શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠના ઉપક્રમે પંચપ્રતિક્રમણ કંઠસ્થ અભિયાન હેઠળ વધુમાં વધુ સભ્યો ધર્મજ્ઞાન અભિયાનમાં જોડાય તેની પ્રોત્સાહન યોજનામાં લાભાર્થી પરિવારોમાં શ્રી રાયચંદ હંસરાજ ઘરમશી અને માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારે લાભ લીધેલ છે.

## અંગ્રેજી માધ્યમ સ્કુલ-ધુલીયા

શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગ સંચાલિત શ્રીજી ઇંગ્લિશ સ્કૂલનો વાર્ષિક સ્નેહસંમેલન તા.૨૧-૧-૧૨ના ઉત્સાહથી સંપન્ન થયો. નવકારમંત્ર પઠન અને પ્રાર્થનાબાદ સૌ. મંજુલાબેન ગાવીતના હસ્તે દીપ પ્રજ્વલન કરી શુરુઆત થઈ. પ્રાથમિક પ્રાચાર્યા શ્રીમતી રવનીતકૌર કોહલીએ પ્રમુખ અતિથીનો પરિચય આપેલ. સેક્રેટરી શ્રી ચંદ્રકાંત શાહ અને કોષાધ્યક્ષ શ્રી ગોવિંદજી સોનીએ શાલ, શ્રીફળ તથા પુષ્પગુચ્છ આપી મેયરનું બહુમાન કરેલ. વિવિધ ગીતો પર આધારિત નૃત્ય, ઉદયપૂર કી ટ્રેન નાટક અને મરાઠી ગોંધળ અને પંજાબી ભાંગડા નૃત્ય સાદર થયા.

શ્રીમતી મંજુલાબેને પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. તેમણે શાળાની અને છાત્રોની પ્રગતિને બિરદાવી હતી. વાર્ષિક અહેવાલ રજુ કરેલ. શાળા વ્યવસ્થાપન વતી શિક્ષકો તથા સ્ટાફનો વિવિધ ભેટ વસ્તુ આપી સત્કાર કરાયો. સૌ. સુવર્ણા પટલે સૂત્રસંચાલન કરેલ. કાર્યક્રમમાં છાત્રો, વાલીઓ અને શુભેચ્છકો પધારેલ. શાળાના શિક્ષકગણે કાર્યક્રમ માટે જહેમત લીધેલ.

૬૩મો પ્રજાસત્તાક દિન ઉત્સાહથી ઉજવાયો. કાર્યક્રમમાં પ્રમુખ મહેમાન શ્રી પ્રદિપભાઈ ચંદ્રકાંત શાહ તથા શ્રીમતી કલ્પના શાહ પધારેલ. પ્રદીપભાઈ રોટરી ઇંટરનેશનલના જિલ્લા સચીવ છે. આ પ્રસંગે શ્રી ગોવિંદજી સોની રોટેરીયન શ્રી અશોક અગ્રવાલ અને સદસ્યો પધારેલ. તેમનું શાળા વતી બહુમાન થયેલ. શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો, સુર્યનમસ્કાર વગેરે કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત મહેમાનોની દાદ મેળવી. છાત્રોને અલ્પાહાર અપાયેલ.

શાળાના ઉપક્રમે ધો. ૧થી ૯ના વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસણી હેઠળ રોટરી ક્લબ ઓફ ધુલિયા તરફથી દંત ચિકિત્સા શિબીર તા.૧૬-૨-૧૨ના યોજાયેલ. નિષ્ણાત ડોક્ટર ટીમે દંત તપાસણી કરી. આ પ્રસંગે રોટરી ક્લબ અધ્યક્ષ શ્રી અશોકજી અગ્રવાલ, સેક્રેટરી શ્રી હર્ષદ દેશપાંડે, સલાહકાર શ્રી રોહિત અગ્રવાલ અને સેક્રેટરી શ્રી ચંદ્રકાંતભાઈ શાહ પધારેલ.

તા.૨૫-૨ના આરોગ્ય તપાસણી શિબીરમાં ડો. રાઠી તેમજ ડો.સૌ. શુભાંગી અને ડો. શાહિદે ૧૩૦ વિદ્યાર્થીઓની


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

આરોગ્ય તપાસણી કરી. તે પ્રસંગે રોટેરીયન સભ્યો તથા શ્રી પ્રદીપભાઈ અને ચંદ્રકાંતભાઈ પધારેલ.

તા.૧-૩-૧૨ના સ્પોટર્સ ડેના મહાસંઘમાં રહી હરીફાઈઓ જીતી આનંદે લાભ લીધેલ. આ પ્રસંગે સેક્રેટરી શ્રી ચંદ્રકાંતભાઈ તથા સૌ. કાંતાબેન હાજર રહી વિદ્યાર્થીઓના ઉત્સાહ વધારેલ.

## વડાલામાં પૂ.આચાર્યશ્રીની પધરામણી

તા.૬-૩-૧૨ના સવારે ૭ કલાકે પૂ.આ.ભ. કલાપ્રભસુરીશ્વરજી મ.સા.આ.ઠા. માટુંગાથી વિહાર કરી વડાલા નગરે પધારેલ. વડાલા સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ વાજતે ગાજતે શાનદાર સામૈયું કરેલ. માર્ગમાં બહેનોએ ગુંહલી પાડીને સામૈયું કરેલ. સંઘના ભાઈ બહેનો પૂ.આ.ભ. સાથે શ્રી સંભવનાથજી જિનાલયમાં સમુહમાં દેવદર્શન તેમજ ચૈત્યવંદન રાગરાગિણીથી કરેલ. ઉપાશ્રય મધે માંગલિક સંભળાવેલ. પૂ.આ.ભ. પ્રવચનમાં પૂ. દાદાગુરૂ ક્રિયાઉધ્ધારક આ.ભ. શ્રી આર્યરક્ષિતસુરીશ્વરજી મ.સા.ની નવમ જન્મશતાબ્દિ અને ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણસાગર સુરીશ્વરજી મ.સા.ની જન્મ શતાબ્દિ તેમજ દીક્ષાની હીરક જયંતી નિમિતે ૧૦૦૮ વર્ષીતપની આરાધનામાં જોડાવા અપીલ કરેલ. તેમજ ગુરૂ ભગવંતોના ગુણગાનની વિસ્તારપૂર્વક માહિતી આપેલ. વ્યાખ્યાન બાદ રૂા.૫૦નું સંઘપૂજન કરવામાં આવેલ. છેલ્લે નવકારશીનો લાભ લઈ સૌ વિખરાયા હતા. પૂ.આ.ભ. બપોરના ૨.૩૦ કલાકે શીવડી તરફ વિહાર કરેલ.

## સાંયરા

તા.૬-૩-૧૧ના મહાકાળીની ભાવના હતી. જેમાં સૌએ સારી રમઝટ જમાવી. તા.૭-૩ના મા. ગંગાબાઈ લીલાધર મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય હતું. શાળામાં બુંદીલાડુની પ્રભાવના થઈ. રૂા.૫ મા. વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર અને રૂા.૫ સ્વ. હંસાબેન પ્રેમચંદ મોમાયા પરિવાર તરફથી સંઘપૂજન થયેલ.


**K. Dixit**

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**

**982045 7676**

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in




## મુંબઈમાં ગોડીજી પાર્શ્વનાથ જિનાલયની ૨૦૦મી સાલગિરી

મુંબઈ પાયધુનીમાં પ્રાચીન ગોડીજી પાર્શ્વનાથ જિનાલયની ૨૦૦મી સાલગિરા સમસ્ત જૈન સંઘ દ્વારા ઉજવાશે.

પૂ.આ.શ્રી પદમસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં સંઘ ભક્તિભાવ પુર્વક વર્ષગાંઠ મહોત્સવ ઉજવશે.

આ પ્રસંગે છ દાયકાથી જિનાલય ભક્તિથી જોડાયેલ પરિવાર મા. ગજરાબેન ગિરધરલાલ શાહ (જશાપરા) એ મુંબઈ-થાણા જીલ્લાનાં સમસ્ત જૈન પરિવારોને વિવિધ સંઘોના માધ્યમે પરિવાર ઉપકારી પં.પ્ર. શ્રી ઉદય-હૃદય વલ્લભવિજયજી અને પૂ.સા.શ્રી નિર્વાણપ્રભાશ્રીજી મ.સા. આદિ પારિવારીક સંબંધી શ્રમણોની પ્રેરણાએ મહોત્સવની નિમંત્રણ પત્રિકા સહ મીઠાઈ બોક્સ પાઠવ્યા છે. સમસ્ત સાધર્મિકોનું મહા સ્વામીવાત્સલ્ય જમણ તા.૧-૫-૨૦૧૨ના યોજેલ છે. વિશેષમાં વ્રતમાંગલ્યરૂપે ૧૪ સંકલ્પ વિધાન પૈકી કોઈ પણ પાંચ નિયમ તા.૨૩-૪ થી ૧-૫-૧૨ દરમ્યાન ૯ દિવસ પાળવા અપીલ કરી છે. ધન્ય છે એ પરિવારની ઉદાર ધર્મભાવના-ખુબ અનુમોદના.

## શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

તા.૩-૩-૧૨ના નુતન ભાવના મંડળ-જલગામ સાથે પાલીતાણા છ'ગાઉયાત્રાનું આયોજન કરેલ. ૮૦ યાત્રિકો શ્રી કે.ડી.ઓ.ભવનમાં રાત્રીરોકાણ કરેલ. તા.૪-૩-૧૨ નવકારશી કરીને પાલીતાણા છ'ગાઉયાત્રા માટે પ્રયાણ કરેલ.

જલગામનાં પ્રમુખશ્રી વસંતભાઈ શાહનું તિલક-શ્રીફળ-માળા-શાલ પહેરાવીને વડોદરા સમાજના પ્રમુખ શ્રી ઠાકરશીભાઈ પદમશી પનપારીયાએ બહુમાન કરેલ. સંઘ તરફથી સંઘપૂજન કરવામાં આવેલ.

તા.૫-૩-૧૨ના પાલીતાણા છ'ગાઉ યાત્રા માટે માતુશ્રી નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર તરફથી બસ ગયેલ. દર્શન કરી માંગલીક સાંભળીને ૫૫ યાત્રાળુઓએ


**શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર**

**સમુહ પહેડી પ્રસંગે આમંત્રણ**

કુળદેવી અંબાઈમાની સમુહ પહેડી **રવિ. તા.૨૫-૩-૧૨ના** સવારે ૯.૩૦ વાગે યોગી સભાગૃહ, રેલ્વે સ્ટેશન સામે, દાદર (ઇ)માં યોજેલ છે. પહેડી બાદ સરસ્વતી બહુમાન તથા અન્ય બહુમાન રહેશે. ટ્રેડીશનલ ડ્રેસમાં દાંડીયારાસ કાર્યક્રમ છે. મોતા પરિવારજનોને પધારવા આમંત્રણ છે.

**: લાભાર્થી પરિવાર :**

**માતુશ્રી પ્રેમિલાબેન મેઘજી મોતા પરિવાર**

(વારાપધર-મુલુન્ડ) **TMT Holidays**

લાભ લીધેલ. એમના પરિવાર તરફથી સંઘપૂજન કરવામાં આવેલ. છેલ્લા છ વરસથી લાભ લેતા તા.૫-૩-૧૨ના બસ દ્વારા વટામણ-તગડી-વલ્લભીપુર-સોનગઢ થઈને રાત્રી રોકાણ પાલીતાણામાં કરેલ. તા.૬-૩-૧૨ના વહેલી પરોઢે યાત્રિકો દાદાની છ'ગાઉ યાત્રાની પરિક્રમા કરવા નીકળેલ. સેવા-પૂજા-દર્શન કરીને સાંજના પરત આવેલ. બન્ને દિવસની નવકારશી, સાધર્મિક ભક્તિ, ચૌવિહારનો લાભ માતુશ્રી નીર્મલાબેન કુંવરજી લાલકા પરિવારે લીધેલ. ભાવિકો તરફથી રૂા.૫૨નું સંઘપુજન થયેલ.

## ગોએરસમા બારોઈ જિનાલય ધ્વજા મહોત્સવ

પૂ.સા.શ્રી નંદીષેણાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં લગભગ ૧૨૫ જણાંની હાજરીમાં બન્ને ગામમાં તા.૮-૩-૧૨ ના અઢાર અભિષેક અને તા.૯-૩-૧૨ના ધ્વજા મહોત્સવ શ્રી નરેન્દ્રભાઈ નંદુનાં માર્ગદર્શને ધામધુમપુર્વક ઉજવાયો. ગોએરસમામાં ધ્વજારોહણનો લાભ ૬૦૦૦ મણમાં શ્રી દેવશી કચરાભાઈ ડાઘા પરિવાર (અમલનેર-પારોલા) એ લીધેલ. બારોઈમાં કાયમી ધ્વજારોહણનાં લાભાર્થી શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર રહેલ. બન્ને દિવસનાં ચડાવાનો અને જીવદયાની ટીપનો લોકોએ ઉમળકાભેર લાભ લીધેલ.

માજી પ્રમુખ શ્રી કાંતિલાલ ખીમજી ગોસર તથા વર્તમાન પ્રમુખશ્રી અમરચંદ હંસરાજ ડાઘાનાં અરિહંતશરણ થવાથી તેમણે આપેલ યોગદાનને બીરદાવતા સંઘે ભાવભીની શ્રધ્ધાંજલિ આપી. ઉપપ્રમુખ શ્રી પિયુષભાઈ ચંદુલાલ ડાઘાને હાલ કાર્યકારી પ્રમુખ તરીકે સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

સંપુર્ણ અવસરમાં દાતાશ્રીઓ સર્વશ્રી દેવશી કચરાભાઈ ડાઘા પરિવાર, શ્રી ઠાકરશી રણશી ગોસર પરિવાર, દામજી શામજી પોલડીયા પરિવાર, કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર, ચીમનલાલ દામજી મોમાયા પરિવરા, ધનપતિ કુંવરજી મોમાયા પરિવાર, ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા પરિવાર અને શ્રેણીક નરશી મોમાયા પરિવારે લાભ લીધેલ.

## વાછરાદાદાની ૨૧મી પહેડી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજીત સાંધવના વાછરાદાદાની ૨૧મી સમુહ પહેડી રવિ. તા.૮-૪-૧૨ના સાંજે ૪ વાગે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ અનંતસિધ્ધિ, ભાંડુપમાં યોજાયેલ છે. શ્રી ઉત્તમ છેડા અને પાર્ટી ભક્તિગીત જમાવશે. આ પહેડીનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર (વારાપધ્ધર-મુલુન્ડ) (tmt હોલીડેઝ) એ લીધેલ છે. સર્વે ભાવિકોને આમંત્રણ છે.

## શ્રી પ્રેમચંદ વી. નાગડાની ચીર વિદાય

શ્રી પ્રેમચંદ વીરચંદ નાગડા (જખૌ-ચેંબુર) M.Com., LL.B., M.B.A.નું તા.૨૧-૨-૧૨ના ૭૯ વર્ષની વયે નિધન થયું. તેઓ ગોલ્ડન ટોબેકો કાંમાં ૧૫ વર્ષ સુધી



*ઉદ્યોગપતી શ્રી ટાટા સાથે હળવી પળો માણતા શ્રી પ્રેમચંદભાઈ*

Purchase Manager તરીકે અને ત્યારપછી Tata Groupની Housing Companyમાં Commercial Manager & Legal Advisor તરિકે ૨૨ વર્ષ સુધી પ્રવૃત્ત રહ્યા. શ્રી જે.આર.ડી. ટાટાના નિકટના સલાહકારોમાં તેઓ એક હતા. પ્રકાશ-સમીક્ષાની હાર્દિક શ્રધ્ધાંજલિ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વાંકુ

તા.૫-૨-૧૨ તથા તા.૧૩-૨-૧૨ના પૂ. અચલગચ્છાધિપતિ તપ્સવીરત્ન આ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. આ.ઠા. તથા પુ.સા.શ્રી નંદીષેણાજી મ.સા.આ.ઠા.-૩ વાંકુ પધારેલ. બંને વખતે પુજ્યશ્રીનો વાજતેગાજતે સામૈયું કરવામાં આવેલ. જેમાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં હાજર રહેલ. તા.૧૩-૨-૧૨ના માતુશ્રી માણીબાઈ માણેકજી લોડાયા તરફથી રૂા.૧૦ની સંઘ પ્રભાવના કરવામાં આવેલ. પૂ. ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગરજી તથા પ્રિયંકરસાગરજી મ.સા.એ પ્રેરક પ્રાસંગીક પ્રવચન આપેલ. વારાપધરથી સંઘ પધારેલ. તા.૨૩-૨-૧૨નાં શ્રી અજિતનાથજી મહારાજ દેરાસરની ૧૧૮મી વર્ષગાંઠ પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ધામધુમથી ઉજવવામાં આવેલ. વારાપધર, પરજાઉ, મોટીસીંધોડીથી સંઘો પધારેલ. સ્વામીવાત્સલ્ય શા. દામજી નરશી સોની પરિવાર-વાંકુ તરફથી તથા સંઘપુજન શા. વશનજી નાંગશી મોમાયા (રાણપર-વાંકુ) તરફથી રાખવામાં આવેલ. સમગ્ર વ્યવસ્થા શા. ચંદુલાલ માણેકજી લોડાયાએ સંભાળેલ.

## કચ્છ માટે નવી સુપર ફાસ્ટ એ.સી. ટ્રેન

કચ્છની પ્રવાસી જનતાની માંગને અનુલક્ષીને કચ્છી પ્રજા અને સંસ્થાઓના પ્રયત્ને આ વર્ષનાં રેલબજેટમાં

કચ્છી રેલમંત્રી શ્રી દિનેશ ત્રિવેદીએ નવી સુપરફાસ્ટ એ.સી.. ટ્રેનની જાહેરાત કરી છે.

આ ટ્રેન બાંદ્રા-ભુજ વચ્ચે અઠવાડીયામાં ત્રણ વખત દોડશે.. આ ઉપરાંત ગાંધીધામ-મુંબઈ વાયા મોરબી એક્સપ્રેસ તથા ભુજ શાલીમાર એક્સપ્રેસ પણ અઠવાડીયામાં એકવાર દોડશે.. તા..૨૬-૬-૧૨થી આ ટ્રેનો ચાલુ થશે.. આ બજેટમાં રેલ્વે કોચના સ્પેરપાર્ટસ બનાવવાની ફેક્ટરી કચ્છમાં સ્થાપવાની જાહેરાત થઈ છે.

આ દૃષ્ટિએ કચ્છમાં ઉદ્યોગવિકાસ અને પરિવહન ક્ષેત્રે પ્રગતિ થશે અને આવન જાવન વધશે.

### શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલામંચ–અમરાવતી

મંચની બેઠક તા.૧-૩-૧૨ના શ્રીમતિ વિમલાબેન છેડાના અધ્યક્ષપદે સૌ. કુમુદબેન રમેશ દંડના ઘરે મળી હતી.. નવકારમંત્રના પઠન બાદ છ ગાઉ યાત્રા નિમિતે દાદાની સ્તવનભક્તિ કરવામાં આવેલ. નવકાર મંત્રની પ્રશ્નોતરી વાંચી બધાને માહિતી અપાઈ. ખાદ્ય સામગ્રી બનાવવા ટીપ્સ આપેલ અને સાચવવાની જાણકારી આપેલ.

અહીંના સહેલી ગ્રુપ દ્વારા તા.૧ થી ૫ માર્ચ દરમ્યાન હસ્તકલાને પ્રોત્સાહનરૂપે ઢીંગલીઓ બનાવવા પ્રદર્શન યોજાયેલ જે માટે સૌ. આશાબેન વિઠલાણી (અમરેલી) સૌ. કલ્પનાબેન જીવાણી (જખૌ) અને અન્ય બહેનોએ જહેમત લીધેલ. આ પ્રદર્શનમાં ૧૦૦ જેટલી વિવિધ ઢીંગલીઓ રાખેલ. આ ઉપરાંત કાચના મંદિર, તોરણ, ઈમીટેશન જ્વેલરી, ફેન્સી સાડીઓ, કપડા, ખાદ્ય પદાર્થો ઈન્સુરન્સ-મ્યુચલફંડ માર્ગદર્શન, રમકડાં વગેરેના સ્ટોલ્સ રખાયા હતા.. ઢીંગલીઓનું પ્રદર્શન લોકોનું આકર્ષણ રહ્યું.

### શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ

સાહિત્ય દિવાકર પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.. તા.૧૧-૨-૧૨ના કાંજુરમાર્ગ પધારતા સંઘે ભવ્ય સામૈયું કરેલ.. પુજ્યશ્રીની નિશ્રામાં પૂ.દાદાગુરૂ શ્રી આર્યરક્ષીતસુરીની નવમી શતાબ્દિ અને રાષ્ટ્રસંત પૂ.આ.શ્રી ગુણસાગરસુરીની જન્મશતાબ્દિની ઉજવણીરૂપે પુ.ગુરૂદેવોની છબીઓ શોભાયાત્રામાં ફેરવાઈ અને અનંતનાથ કોમ્પ્લેક્સમાં પુજ્યશ્રીની પધરામણી થઈ. પુજ્યશ્રીએ માંગલીક તથા શતાબ્દિ ઉજવણીમાં ૧૦૦૮ વર્ષીતપ અભિયાનની સમજ આપેલ.. આ પ્રસંગે શ્રી સંઘ તરફથી શરબત તથા સંઘપુજન અને માતુશ્રી માનબાઈ હીરાચંદ નાગડા પરિવાર તરફથી સંઘપુજન કરવામાં આવેલ..

---

**ભુલસુધાર :** બાંઢિયા ગામે વિમલનાથ જિનાલયની વર્ષગાંઠ - ધ્વજા મહોત્સવ **તા.૨૩-૫-૧૨ના છે.** જે શરતચુકથી તા.૨૨-૪-૧૨ છપાયેલ.


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

**ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.**

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ


### લેખો, સમાચારો મોકલવા અંગે સૂચનાઓ,

*"પ્રકાશ-સમીક્ષા"નું મુલુંડ (ઈસ્ટ)નું હિસાબી કાર્યાલય હવેથી બંધ કરવામાં આવેલ છે. ત્યાં કોઈ પણ મેટર સ્વીકારી શકાશે નહીં તેની નોંધ લેવા વિનંતિ.*

*જ્ઞાતિજનો અને સંસ્થા/મહાજનોએ જાહેરાતની મેટરો, લેખો, ચેકો વિગેરે પોસ્ટ કે કુરિયર દ્વારા મુંબઈથી ફોર્ટ સ્થિત વહીવટી કાર્યાલયમાં આર.આર. નાગડા, ૨૯/૪૧ ટેમરીન્ડ લેન, રાજા બહાદુર કમ્પાઉન્ડ, શેરબજાર બીલ્ડીંગ પાસે, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ મોકલવી. જ્યાં રૂબરૂમાં બપોરના માત્ર ૧ થી ૪ દરમ્યાન પણ મેટરો/જાહેરાતો ઈત્યાદિ સ્વીકારાશે.*

*શક્યતઃ સર્વ વ્યવહાર ટપાલ/કુરીયર મારફતે કરવો. આપને ત્યાં આવતા અંકો પર સરનામાનું સ્ટીકર ધ્યાનથી વાંચી લેવા વિનંતિ. જો તેમાં પોસ્ટલ પીન કોડ નંબર બિલકુલ ન હોય અથવા તેમાં કંઈ અધુરાશ હોય કે ભૂલચૂક હોય તો તેની તાત્કાલિક લેખિત જાણ કરશો. પીન કોડની ઉલ્લેખ ન કરાયેલા સરનામાવાળા અંકો / પત્રો ગેરવલ્લે થવા કે મોડા પડવા સંભવ છે.*

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રતીલાલ દેવશી લોડાયા** | એ-૧૧ શિવગંગા વિહાર, કોપર ક્રોસ રોડ, ડોંબિવલી (વે) ૪૨૧ ૨૦૨ |
| **હરીશ ડુંગરશી ચુરલા** | અચલગચ્છ સોસાયટી, મહાવીરનગર સર્વે નં.૨, અંતરજાળ,આદિપુર (કચ્છ) ફોનઃ ૯૮૨૫૨૩૫૧૬૯ |
| **મણીલાલ ભવાનજી મોતા** | ૪-૪-૭૫૮/૧૪ કુંદાસ્વામી બાગ, સાંઈબાબા મંદિર સામે, સુલતાનપુર, હૈદરાબાદ-૫૦૦૦૯૫ ફોન 24253929 |
| **સુશીલ નવીનચંદ્ર સોની** | બી ૩૦૧, વરદાન ટાવર્સ, પ્રગતિનગર, નવાપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. |
| **જવેરચંદ પદમશી લાલકા** | કે-૪૫, પામ એકર્સ, મહાત્મા ફુલે રોડ, ગવાનપાડા, મુલુન્ડ (ઈ) ૪૦૦૦૮૧. |
| **નવીન નારાણજી ધુલ્લા** | ૫૦૧ મહાવીર સીંફોની, ઝવેર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોનઃ ૨૫૭૬૬૧૧૧ |
| **રજનીકાંત પદમશી લોડાયા** | બી-૫૦૪,શ્રીસાગર, તુકારામ નગર, આયરે રોડ, ડોંબિવલી(ઈ)421201.ફોન2884041, 9323746550 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૨-૧૨ | ઘાટકોપર | NLCD070603 | ક્રિશા-ધિરેન દિનેશ છેડા | નલિયા | કન્યા |
| ૪-૨-૧૨ | લંડન | KBLO081202 | ક્રિયાન-ભાવિન કિર્તીભાઈ લોડાયા | મોટીખાવડી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૩-૧૨ | માટુંગા | SNMA030103 | કૃણાલ લહેરચંદ કલ્યાણજી મૈશેરી | નાનીસીંધોડી | ૨૯ |
| | થાણા | NLNG290903 | પૂર્વી મૃગેન લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૨૫ |
| ૧૩-૩-૧૨ | સાયન | RVLO020404 | દિગંત સુરેન્દ્ર બંકીમચંદ લોડાયા | રવા | ૨૭ |
| | મુલુંડ | TRDU010603 | માનસી હરીશ જવેરચંદ ધુલ્લા | તેરા | ૨૫ |
| ૧૩-૩-૧૨ | ડોંબિવલી | GDKR100202 | હિરેન પ્રકાશ આણંદજી કુરવા | ગોધરા | ૨૬ |
| | ડોંબિવલી | KRDH100303 | નેહા ભરત જવેરચંદ ધરમશી | કોઠારા | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૩-૧૨ | વાશી | KRMT070403 | પ્રણય લલીત વીરચંદ મોતા | કોઠારા | ૨૫ |
| | ખારઘર | A | ઉમા વાસુદેવન વિશ્વનાથન ઐયર | ખારઘર | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮-૧૨-૧૧ | મુલુન્ડ | NLLA030504 | ચિરાગ જવેરચંદ પદમશી લાલકા | નલીયા | ૩૦ |
| | મુલુન્ડ | JVVK010902 | મિતલ ખુશાલ નેણશી વિકમશી | જખૌ | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૨-૧૨ | વડોદરા | SILO190303 | હર્ષ ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા | સાંયરા | ૨૭ |
| | વડોદરા | A | અમી રમેશચંદ્ર પટેલ | નડીયાદ | ૨૪ |
| ૧૧-૨-૧૨ | જાલના | BYPL110104 | પરાગ બિપીન રતીલાલ પોલડીયા | બાયઠ | ૨૫ |
| | ખીરકીયા | LLNG014103 | પાયલ ઉમેશ ભવાનજી નાગડા | લાલા | ૨૩ |
| ૧૭-૧-૧૨ | મુલુંડ | BRMO060105 | ખુબીર શ્રેણીક નરશી મોમાયા | બારોઈ | ૨૬ |
| | ભાંડુપ | A | નિકીતા જગદીશ ગાંગજી ગડા | નવાવાસ | ૨૫ |
| ૨૨-૨-૧૨ | બોરીવલી | A | ડોમિનીક ડોયલો | બોરીવલી | ૩૨ |
| | બોરીવલી | SDLO120802 | સુષ્મા (શીતલ) કિર્તીકુમાર દામજી લોડાયા | સાંઘવ | ૩૦ |
| ૨૬-૨-૧૨ | ઘાટકોપર | SIKN020205 | ભાવિન શશીકાંત શામજી ખોના | સાંયરા | ૨૫ |
| | ઘાટકોપર | A | કિંજલ દિલીપ મગનલાલ મહેતા | રાળગોળ | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૩-૧૨ | રાયપુર | JKSL040101 | લલીત હીરજી હંસરાજ શિઆલ | જખૌ | ૮૧ |
| ૧૨-૩-૧૨ | અમદાવાદ | SPLO010101 | પ્રવિણ પ્રેમજી ખેતશી લોડાયા | સુજાપુર | ૬૪ |
| ૧૨-૩-૧૨ | ઘાટકોપર | JKNG012201 | જયવંતી કાંતિલાલ ગોવિંદજી નાગડા | જખૌ | ૮૧ |
| ૧૩-૩-૧૨ | ડોંબિવલી | JSCD020101 | ચંદન મણીલાલ મુલજી છેડા | જશાપર | ૭૦ |

# શેત્રુંજય ગિરીરાજ ઉપર નવટુંકમાં શ્રી અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા ઐતિહાસિક મહોત્સવની ઝલક






















તસ્વીરો : શ્રી દિલીપ લક્ષ્મીચંદ નાગડા
(રાપરગઢ-મુંબઈ)




**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક અભિનંદન !



શ્રી ખુશાલ લાલજી મહેશ્વરી
(જખૌ-પુના)

હમ સવાલોકોં હકિકતમે બદલનેકા દમ રખતે હૈં
મંજિલેં ખુદ વહાઁ ચલી આતી હૈ, જહાઁ હમ કદમ રખતે હૈં...

## ઉલ્લેખનીય સરાહનીય સામાજિક કાર્યસિધ્ધિઓ

★ જૈન સોશ્યલ ગ્રુપ-પુના (મેઇન) ના બે વર્ષ સુધી પ્રમુખ ૨૦૦ યુગલ સભ્યોનું સફળ નેતૃત્વ સંભાળ્યું.
★ ગોવા કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીયસ્તરે **Best Cultural Programme Award**નાં વિજેતા..
★ ગોવા કોન્ફરન્સમાં **Best Couple Dandia Raas** નાં વિજેતા..
★ ગોવામાં આયોજીત **Inter Region Dance Competition** મહારાષ્ટ્ર પ્રદેશના દ્વિતીય ઇનામ વિજેતા.. આ કાર્યક્રમ માટે શ્રી ઉત્કર્ષ મહેશ્વરી તથા સૌ. ભાવના ખુશાલ મહેશ્વરી અને તેમણે ભાગ લીધેલ અને કાર્યક્રમનું સંકલન કરેલ..
★ નાસિક-મહારાષ્ટ્ર વિભાગનો **Best Cultural Activity Award**નાં વિજેતા

### ❋ શુભેચ્છાઓ ❋

શ્રીમતી ધનલક્ષ્મી કુલીન મહેશ્વરી • ચિ. પ્રિયંકા કુલીન મહેશ્વરી • સૌ. ઝલક જીગર મહેશ્વરી
શ્રીમતી ભાવના ખુશાલ મહેશ્વરી • ચિ. ઉત્કર્ષ ખુશાલ મહેશ્વરી
શ્રીમતી સરલા માણેકજી દંડ (દલતુંગી-સાંતાક્રુઝ)

**શુભાશિષ : માતુશ્રી મણિબાઈ અને શ્રી લાલજી રતનશી મહેશ્વરી પરિવાર**

# શ્રદ્ધાસુમન



**સ્વ. શ્રી પ્રેમચંદ વીરચંદ નાગડા** (જખૌ-ચેમ્બુર)
(૧૮/૧૦/૧૯૩૨ - ૨૧/૨/૨૦૧૨)

**"તમે હતા, તમે છો, તમે રહેશો અમ હૃદયમાં"**

*તમારી સુગંધનો દરિયો સદાયે છલકતો, તમારા સ્મરણની જ્યોત સતત જલતી,*
*મેઘધનુષી યાદોની ધુપસુગંધ સર્વત્ર પ્રસરતી, અમ અંતરે તમારી સુવાસ સદાયે મહેકતી-મહેકતી...*

સ્મરણમાં...
ભારતી પ્રેમચંદ નાગડા

| | |
|---|---|
| મંજુલા અને કેશવજી નાગડા | હેતલ અને ડૉ. અમીત બી. શાહ |
| સ્વ. લતા અને ઝવેરચંદ નાગડા | ઈંદીરા અને સ્વ. કુસુમકાંત લાલજીભાઈ શાહ |
| તેજલતા અને નરેન્દ્ર નાગડા | રશ્મિ અને સોમચંદ જીવરાજ લાલકા |
| મણીબેન બુધ્ધિચંદ શાહ | સુષમા અને ડૉ. ધીરેન લાલજીભાઈ શાહ |
| પદ્મિની અને કલ્યાણજીભાઈ લોડાયા | નાનુની લાડકીઓ-ફોરમ અને કાવ્યા... |

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**